સુવિચાર
માતા બાળકને પારણા ઉપર જે સંસ્કારની છાપ લગાવે છે તે છાપ બાળકને છેક સ્મશાન સુધી ચાલે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૧/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૦૧૯

SINCE 1999
હરિૐ PENDAWALA
અડદીયા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ

GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## અમરેલી ખાતે ખોડલધામનાં ચેરમેનનાં માર્ગદર્શનતળે બેઠક યોજાઈ

# લેઉવા પટેલ સમાજનાં આગેવાનો દીકરીને ન્યાય અપાવવા મક્કમ

**લેટરકાંડમાં કાચુ કપાયુ અને સમગ્ર સરકાર બચાવની સ્થિતિમાં આવી ગઈ**

**સત્તાનો નશો ભલભલાને ભાન ભુલાવી દેતો હોય છે અને તેવું જ થયું**

**રાજકીય ઈશારે દોડધામ કરતાં અધિકારીઓને પણ ઘણું શીખવા મળ્યું**

**દીકરી વિરૂધ્ધની ફરિયાદ પરત ખેંચવા અને તેને જેલમુક્ત બનાવવા અંગે ચર્ચા થઈ**

અમરેલી, તા. ર

અમરેલી સહિત સમગ્ર રાજયભરમાં ચકચારી બનેલ લેટરકાંડમાંઆરોપીતરીકેલેઉવાપટેલ સમાજનીદીકરીનેજોડીનેતેમનીસાથે અમાનવીય વર્તન થતાં તેનાં ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં પડયા છે અને સત્તાનાં નશામાં ભાન ભુલેલ રાજકીયઆગેવાનોનાંઈશારે પોલીસ અધિકારી પણ કાયદો અને નિયમો ભુલ્યાનાં આક્ષેપ વચ્ચે હવે આ પ્રકરણમાંથયેલબેદરકારીનેસુધારવા માટે સમગ્ર સરકાર, લેઉવા પટેલ સમાજનાંઆગેવાનોઅનેફરિયાદીપક્ષ મેદાનમાંઆવેલછે.

જે અંતર્ગત આજે ખોડલધામનાં ચેરમેન નરેશ પટેલનાં માર્ગદર્શનતળેઅમરેલીખાતેલેઉવાપટેલ સમાજનાંઆગેવાનોનીબેઠકનાયબદંડક કૌશિક વેકરિયા અને સાંસદ સુતરીયા સાથે યોજાઈ અને જેમાં પાટીદાર સમાજનીદીકરીવિરૂધ્ધથયેલફરિયાદ પરતખેંચવા, દીકરીનેજેલમાંથીબહાર લાવવા માટે કાનૂની નિષ્ણાંતોની મદદ લેવાસહિતનીબાબતોઅંગેવિસ્તૃતચર્ચા થઈ હતી.

આ અંગે પાટીદાર સમાજનાં અગ્રણી દિનેશ બાંભરોલીયાએ સમાજને દીકરીને અન્યાયકરનારવિરૂધ્ધતપાસકરવાની પણ માંગ કરી હતી. આ બેઠકમાં ધારાસભ્ય મહેશ કસવાલા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જો કે અમરેલીનાં લેટરકાંડ અંગે રાજયભરનાં મીડિયા જગતે હલ્લાબોલ કરતાં શાસકોનાં પગ ધરતી પર આવ્યા છે અને છેલ્લા ૩–૪ દિવસથી ચાલતો ઢાંકપિછોડો ચાલતો હતો તેના પર પાણીઢોળ થયું છે.

### પોલીસ અને ફરિયાદીએ સોગંદનામુ રજૂ કરતાં

# અમરેલીનાં લેટરકાંડનાં આરોપી મહિલાને જામીન મુક્ત થવાનો માર્ગ મોકળો

**આવતીકાલનાં હીયરીંગ ઉપર સૌની નજર**

અમરેલી, તા. ર

અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડનાંઆરોપીમહિલાનીતરફેણ કરતું એક સોગંદનામુ ફરિયાદી અને પોલીસધ્વારાઆજે કોર્ટમાંરજૂકરવામાં આવતાંમહિલાનેજામીનમુક્તથવાનો માર્ગમોકળોથયોછે.

અનુસંધાન પાના ૬ ઉપર


ઉપલબ્ધ સારવાર
✦ ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
✦ જનરલ મેડીસીન
✦ આર્થ્રોસ્કોપીક સર્જરી
✦ ક્રિટીકલ કેર
✦ ગાયનેક - પ્રસુતિ
✦ પોઇઝન સેન્ટર
✦ યુરોલોજી સર્જરી
✦ આઇ.સી.યુ
✦ જનરલ સર્જરી
✦ એસ. આઇ. સી. યુ
✦ લેપ્રોસ્કોપીક સર્જરી
✦ ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
24 x 7 કલાક ઇમર્જન્સી સારવાર
સુવિધાઓ: કેશલેશ મેડીકલેઇમ | GSRTC-ST માન્ય | અકસ્માત સહાય યોજના | આયુષ્માન ભારત યોજના
હોસ્પિટલ 02792-222223, 99782 23000 | ઇમરજન્સી 9978293000


અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
11
સ્વાદ અને તંદુરસ્તી માટે...

ડબલ વન સીંગતેલ
શ્રી વિવેક ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૯, ૨૨૦૨૬૦
હરેશભાઈ : ૯૮૭૯૫ ૯૮૨૯૩

શ્રધ્ધાંજલિ

સ્વ.નિકુલ (સન્ની) વિનુભાઈ ડાબસરા
સ્વ.તા.૩૦/૧૨/૨૦૨૪,સોમવાર (ઉ.વ.૩૯) અમરેલી
જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યા, આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં જીવન જીવ્યા ટુંકું પણ ઉત્તમ જીવી ગયા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...
લી.
દિલાભાઈ બી.વાળા (દંડક)
મનિષભાઈ ઘરજીયા (કારોબારી ચેરમેન)
બીનાબેન વિશાલભાઈ કાલેણા (ઉપ પ્રમુખ)
બીપીનભાઈ એસ.લીંબાણી (પ્રમુખ)
:: સદસ્યશ્રીઓ ::
શ્રીમતિ અફસાનાબેન શાહરૂખભાઈ કુરેશી
શ્રીમતિ રેખાબેન જયંતિભાઈ રાણવા
શ્રી અમીનભાઈ ભાઈખાનભાઈ હોત
શ્રી અકમભાઈ મહેબુબભાઈ કાઝી
શ્રીમતિ શિતલબેન વિશાલભાઈ ઠાકર
શ્રીમતિ બિનાબેન સંજયભાઈ વણજારા
શ્રી તુલસીભાઈ રાઘવભાઈ મકવાણા
શ્રી સુરેશભાઈ લખુભાઈ શેખવા
શ્રીમતિ ખુશ્બુબેન દિગંતભાઈ ભટ્ટ
શ્રીમતિ જયાબેન પ્રવિણભાઈ બારૈયા
શ્રી નિલેશભાઈ દેશાભાઈ ધાધલ
શ્રી બ્રિજેશભાઈ (પિન્ટુભાઈ) પ્રવિણચંદ્ર કુરૂંદલે
શ્રીમતિ અરૂણાબેન દિલીપભાઈ બામણીયા
શ્રીમતિ રમાબેન નરેશકુમાર મહેતા
શ્રી દિપકભાઈ નાગજીભાઈ બાંભરોલીયા
શ્રીમતિ ઉર્મિલાબેન સંજયભાઈ માલવીયા
શ્રી હરેશભાઈ જયંતિભાઈ કાબરીયા
શ્રી ચિરાગભાઈ મનુભાઈ ચાવડા
શ્રીમતિ અલ્કાબેન દિનેશભાઈ ગોંડલીયા
શ્રીમતિ મનિષાબેન સંજયભાઈ રામાણી
શ્રી ચિરાગભાઈ ધિરજલાલ ત્રિવેદી
શ્રીમતિ રેહાનાબેન જુબેરભાઈ નાગાણી
શ્રી સમીરભાઈ સલીમભાઈ કુરેશી
શ્રી સકીલઅહેમદ રફીકરહેમાન સૈયદ(સકીલબાપુ)
શ્રીમતિ નીતાબેન પ્રકાશભાઈ ભડકણ
શ્રી ગીરીશભાઈ ત્રાપસીયા
શ્રી સંદીપભાઈ ધનશ્યામભાઈ માંગરોલીયા
શ્રીમતિ સેજલબેન પ્રહલાદભાઈ સોલંકી
શ્રીમતિ કંચનબેન દિપકભાઈ પરમાર
શ્રી અશરફભાઈ ઈસ્માઈલભાઈ રાઠોડ (ખનખન)
શ્રી ઈકબાલભાઈ અહમદભાઈ બિલખીયા
શ્રીમતિ ભારતીબેન અનીલભાઈ રાઘનપરા
શ્રીમતિ હેતલબેન અશ્વિનભાઈ વાઢેર
શ્રી અશોકભાઈ કેશવભાઈ પાનસુરિયા (કાળુભાઈ)
શ્રી પ્રકાશભાઈ પ્રવિણભાઈ લાખાણી
શ્રીમતિ ભાનુબેન અશ્વિનભાઈ કાનાણી
શ્રીમતિ સંગીતાબેન હરેશભાઈ ચાવડા
અમરેલી નગરપાલિકા તમામ કર્મચારી પરિવાર ગણ.. અમરેલી

# અમરેલી ખાતે કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિબિર યોજાઈ






અમરેલીનાં પટેલ સંકુલ ખાતે કાનૂની શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. નવા વર્ષના પહેલા જ દિવસે, સંકુલની, બી.એ.બી.કોમ, તેમજ બી.સી.એ.ની વિદ્યાર્થીની બહેનોની વિશાળ સંખ્યામાં, નવા કાયદા, અને લોક અદાલત, તેમજ કાનૂની સતા સેવા મંડળ ના સેક્રેટરી આર.વાય. ત્રિવેદી (જજસાહેબ) દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી, તેમજ પી.એલ.વી. મુકેશભાઈ ભટ્ટ (સોનલ) દ્વારા માનવ અધિકાર પંચ વિશે માહિતી આપવામાં આવી, એડવોકેટ જાનવીબેન સોલંકી દ્વારા સાયબર ક્રાઈમની તમામ માહિતી આપવામાં આવી, એડવોકેટ નીમીષાબેન પંડયા (નીકુબેન) દ્વારા પોકસો એકટના તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી, માનનીય મનસુખ કાકા, રામાણી તેમજ પ્રિન્સીપાલ ગોપી બહેન વાળાએ સમગ્ર રૂપરેખાને બીરદાવી હતી. મુકેશ ભાઈ ભટ્ટ (સોનલ) ૬ વર્ષથી કાનૂની સતા સેવા મંડળમાં રહી અમરેલી જિલ્લામાં દરેક સ્કૂલ કોલેજમાં ૧૬૦, કાનૂની શિબિર કરી હોવાનું મોટું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

### ટ્રાફિક ડ્રાઈવની ઉત્તમ કામગીરી

## રાજુલા પોલીસે ડિસેમ્બર માસમાં ૧૪ વાહનો ડીટેઈન કરી બે લાખ રૂપિયાનો દંડ વસુલ્યો

### આગામી દિવસોમાં પણ ટ્રાફિક ડ્રાઈવ શરૂ રહેશે

રાજુલા, તા. ૨

રાજુલા શહેરમાં છેલ્લા ઘણા દિવસથી પોલીસ ટ્રાફિક ડ્રાઈવ કડક કામગીરી કરી રહી છે. ત્યારે ડિસેમ્બર મહિનામાં કડક કામગીરી કરવામાં આવતા લાખો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ રાજુલા પીએ કોલાદરા વૈભવભાઈ સોલંકી સહિતના ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે પગલાં ભરવામાં આવ્યા હતા. ડિસેમ્બર મહિનામાં બે



લાખથી પણ વધુનો દંડ સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવ્યો હતો અને કલમ ૨૦૭ મુજબ ૧૪ વાહનો ડીટેન કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં પોલીસ તંત્ર દ્વારા આ ટ્રાફિકની કડક કામગીરી ચાલુ રાખવામાં આવશે તેવું જણાવ્યું હતું.

### વિધાનસભાનાં વિપક્ષ નેતાં અમિત ચાવડાની માંગ

## અમરેલીનાં લેટરકાંડમાં મહિલાની રાત્રિનાં સમયે અટકાયત કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરો

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાસભાનાં વિપક્ષ નેતા અમિત ચાવડાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે અમરેલી જિલ્લાનાં ભાજપના આગેવાનો સભ્યો અને કાર્યકરોના બનેલ ગૃપમાં લેટરકાંડ થયેલ તેમાં લેટર ટાઈપ કરનાર યુવતીની લેટર ટાઈપ કરવા બદલ યુવતીને આરોપી બનાવી રાત્રે ૧૨ કલાકે ધરપકડ કરીને બીજા દિવસે જાહેરમાં સરઘસ કાઢવામાં આવેલ. જેના કારણે યુવતીની વ્યકિતગત છબીને નુકસાનની સાથે માનવ અધિકારોના ઉલ્લંઘન અને કાયદાની પ્રક્રિયાની ગંભીર અવગણના છે. કાયદાકીય જોગવાઈઓ મુજબ મહિલાની રાત્રિ દરમ્યાન ધરપકડ ના કરવી તેમજ કોઈપણ મહિલાનો ફોટો પણ નાગરિકો સામે ન આવે તેની તકેદારી રાખવાની જોગવાઈ છે.આમ, અમરેલી પોલીસ દ્વારા પ્રસ્તુત કિસ્સામાં યુવતી સામે જાહેરમાં કરવામાં આવેલ કાર્યવાહીથી યુવતીના વ્યકિતગત જીવનને અસર કરનારી અને સુપ્રિમ કોર્ટના નિર્દેશો અને રાષ્ટ્રીય



માનવ અધિકાર આયોગની સુચનાઓ અને નિયમોની અવગણના કરે છે. મહિલા આરોપીની સૂર્યાસ્ત બાદ ધરપકડ કરવા બાબતે મેજિસ્ટ્રેટ મંજૂરી અનિવાર્ય હોય છે જે પ્રક્રિયાને પણ અનુસરવામાં આવી હોય તેમ લાગતું નથી. બીજીબાજુ આ કેસમાં અન્ય ફરાર આરોપીઓ ખુલ્લે આમ ફરી રહ્યા છે તે આરોપીઓને પોલીસ દ્વારા પકડવામાં આવતા નથી.

આથી, મહિલાની રાત્રિના સમયે ધરપકડ કરીને બીજા દિવસે જાહેરમાં સરઘસ કાઢીને નિયમો અને આદેશોને ભંગ થયેલ હોય તેમાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## લાલકામાં તીનપત્તીનો જુગાર રમતાં ૪ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાના લાલકા ગામે રહેતા વિપુલભાઈ ગોરધનભાઈ બાવળીયા, સોમાભાઈ જસમતભાઈ રાઠોડ, રાજેશભાઈ સોમાભાઈ રોજાસરા તથા રાજુભાઈ જીણાભાઈ સોલંકી નામના ચારેય ઈસમો લાલકા ગામે લાકડાની ઝુંપડીમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા હોય. બાબરા પોલીસને બાતમી મળતા રોકડા રૂપિયા ૧૩,૪૦૦ તથા જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ચાડીયા ગામ પંચાયતની ન્યાય સમિતિનાં ચેરમેનની સીએમને રજૂઆત

## અમરેલીનાં રાજમહેલ પટાંગણમાં આવેલ ડો. આંબેડકર ભવન ઘણા સમયથી બિનઉપયોગી હોય શરૂ કરવા માંગ

### બે થી ત્રણ વર્ષથી રીનોવેશનની કામગીરી શરૂ હોય પૂર્ણ થતી નથી



અમરેલી, તા. ૨

અમરેલીનાં રાજમહેલ પટાંગણમાં આવેલ ડો. આંબેડકર ભવન શરૂ કરવા માટે ચાડીયા ગામ પંચાયતની ન્યાય સમિતિનાં ચેરમેન દીપાલીબેન મકવાણાએ માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરની મધ્યમા, રાજમહેલ કમ્પાઉન્ડમાં સરકારની યોજનામાંથી અનુસૂચિત જાતિને લગતા વિવિધ કાર્યક્રમો કરી શકાય તેવા હેતુથી ડો. આંબેડકર ભવનનું નિર્માણ કરવામાં આવેલું છે. લાખો રૂપિયા ખર્ચી તૈયાર કરવામાં આવેલ આ ડો. આંબેડકર ભવન છેલ્લા બે–ત્રણ વર્ષથી રીનોવેશનની કામગીરી શરૂ હોવાના કારણે ઉપયોગમાં લઈ શકાતું ન હતું. હવે રીનોવેશનની કામગીરી પૂર્ણ થયેલ છે પરંતુ લાઈટ ફીટીંગના અભાવના કારણે આ ભવન ધુળ ખાઈ રહ્યું છે.

આ બાબતે આશરે –૪૫ મહિના પહેલા લેખિતમાં રજૂઆત કરેલ પરંતુ જાણે અનુ.જાતિ સમાજ માટે આ ભવન કાર્યરત થાય તેમાં રસ ના હોય તેમ તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી અને જો કરી હશે તો અમોને કોઈ જાણ કરેલ નથી. છેલ્લા કેટલાય વર્ષોથી આ ડો. આંબેડકર ભવન બંધ હાલતમાં હોવાથી તેનો ઉપયોગ સમાજલક્ષી કાર્યક્રમો થવાના બદલે અસામાજીક પ્રવૃત્તિ માટે થતો હોય તેવું લાગી રહ્યું છે. સરકાર દ્વારા આ ડો. આંબેડકર ભવન અનુ.જાતિ સમાજના લોકોના સારા હેતુ માટે ઉપયોગમાં લેવા બનાવવામાં આવેલ છે પરંતુ હાલ કમ્પાઉન્ડનો ઉપયોગ શૌચાલય માટે થતો હોય તેવું લાગી રહ્યું છે. સરકાર ધ્વારા લાખો રૂપિયા ખર્ચી આપવામાં આવેલ સુવિધા હાલ તંત્રની બેદરકારી અને આળસના કારણે ઉપયોગમાં લઈ શકાતી ના હોય તેથી વહેલીતકે આ ડો. આંબેડકર ભવનમાં ઘટતું કાર્ય પૂર્ણ કરી જે સામાજીક કે જે હેતુ માટે બનાવવામાં આવેલ છે તે માટે કાર્યરત થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### સોનલબીજનાં પાવન પર્વે

## અમરેલીમાં નાના બાળકોને વાળા પરિવાર દ્વારા ભોજન પીરસાયુ

### શકિતગૃપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨

અમરેલી ખાતે વાળા પરિવાર દ્વારા સોનલબીજના પાવન અવસર પર નાના બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

ઉપસ્થિત શકિત ગ્રુપ પ્રમુખ ગૌતમભાઈ હનુભાવાળા, જયદેવભાઈ વાળા, જનકભાઈ વિંછીયા વિજીત વાળા, આદિત્ય વાળા, પરેશ પરમાર, ઘનશ્યામ ગેડીયા, અમરેલી કાઠીક્ષત્રિય સમાજ યુવા અગ્રણી અશોકહનુભા વાળા સહિતનાં ભાઈઓ ઉપસ્થિત રહ્યા.

### સરકારી વિભાગ પણ વૃક્ષનું નિકંદન કરવા માટે જવાબદાર

## બગસરાનાં બાયપાસ માર્ગ ઉપર પીજીવીસીએલ દ્વારા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યુ

### પીજીવીસીએલની એજન્સીને આકરો દંડ ફટકારવો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરામાં પીજીવીસીએલ દ્વારા બાયપાસ રોડ પર નવી લાઈન નાખવા સમયે વૃક્ષોનું નિકંદન કાઢતા વન વિભાગ દ્વારા દંડ ફટકારવામાં આવેલ છે.

બગસરામાં પીજીવીસીએલ દ્વારા નવી લાઈન નાખવા સમયે હડાળા ચોકડીથી માણેકવાડા તરફના બાયપાસ રોડ પર નવી લાઈન નાખતા સમયે આડેસર વૃક્ષોનો નિકંદન કાઢવામાં આવ્યું હતું. આને પગલે વન વિભાગને મળેલ બાતમીન આધારે વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કુકાવાવ દ્વારા કામ કરતી કોન્ટ્રાક્ટ કંપનીના મહેશભાઈ ભરતભાઈ સોલંકી વિરૂદ્ધ ભારતીય અધિનિયમ ૧૯૨૭નો ઉલઘણ કરેલ છે જેને લઈ જંગલ ખાતા દ્વારા વન અધિનિયમ ૧૯૨૭ના ૨૯/૩૦ ગ અને ૩૩ ક મુજબ ગુનો નોંધવામાં આવી તેમની પાસેથી ૨૦૦૦ નો દંડ વસુલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દંડ ફટકારી ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની શરતે જામીન મુકત કરવામાં આવ્યા હતા. આવી રીતે અનેક લોકો દ્વારા તથા સેવાભાવિ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણ સામે આવી પ્રવૃત્તિઓ દ્વારા વૃક્ષને કાપી નાખવામાં આવતા નુકસાનથી વનપ્રેમીઓમાં કચવાટ ફેલાયો છે.

જયારે સરકાર દ્વારા વૃક્ષ વાવો અને પ્રકૃતિ બચાવો ના નારા ગવાઈ રહેલ છે ત્યારે સરકારી તંત્ર દ્વારા જ આડેધડ વૃક્ષનું નિકંદન કરવામાં આવી રહેલ છે કેવી રીતે વૃક્ષ બચાવવાં તેવાં સવાલો પણ ઉઠી રહ્યા છે જયારે વન તંત્ર દ્વારા આવા નજીવા રકામના દંડના બદલે મસ મોટો દંડ વસુલ કરવામાં આવે તો ભવિષ્યમાં આવા અધિકારીઓ કે કોઈ પણ વ્યકિત વૃક્ષ આડેધડ નિકંદન ના કરે તેવી પણ વન પ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી છે. બગસરા પીજીવીસીએલના અધિકારી આવી ગંભીર ભૂલ કરે તો સામાન્ય માણસનું તો શું કહેવું આવા અધિકારી ઉપર સરકાર દ્વારા ગંભીર પગલા લઈ ફરી કોઈ આવી કુદરતી સંપત્તિને નષ્ટ ન કરે તે માટે લોકો ઉગ્ર રોષ સાથે માંગણી ઉઠી છે.

# સાવરકુંડલાના હાર્દિકભાઈનું અદભૂત આસ્થા દર્શન ૮૫૦ કિમીની પદયાત્રાએ પ્રેરણાદાયી કાર્ય







સાવરકુંડલા શહેરનાં કેવડાપરા વિસ્તારમાં રહેતા પરમાર હાર્દિકભાઈ ધીરૂભાઈએ એક અનોખી પહેલ કરીને સમગ્ર વિસ્તારમાં આસ્થા, હિંમત અને ભકિતનો પ્રેરક માર્ગ પ્રસ્થાપિત કર્યો. તેમણે રાજસ્થાનના જુના રણુજા ધામમાં આવેલા રામદેવ પીરના દર્શન કરવા માટે સાવરકુંડલાથી પગપાળા પદયાત્રાનો એકલપંડે પ્રારંભ કર્યો હતો. જેના સમાચાર પણ આ ડીઝીટલ ન્યૂઝ દ્વારા સૌથી પ્રથમ પ્રસિધ્ધ કરવામાં આવેલ. તેમણે સાવરકુંડલાથી પદયાત્રાનું એકલ પંડે જૂના રણુજા રામદેવરા જવાનું પ્રયાણ કરેલ. આ આસ્થાની પદયાત્રા અંદાજે ૮૫૦ કિલોમીટરની હતી, જેને હાર્દિકભાઈએ માત્ર ૨૧ દિવસમાં પૂર્ણ કરી હતી. આ યાત્રા દરમિયાન તેમણે ગરમી, ઠંડી, થાક જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. પરંતુ રામદેવ પીર પ્રત્યેની અખૂટ આસ્થા અને પોતાના લક્ષ્ય પ્રત્યેની અડગતાને કારણે તેઓ પોતાનું લક્ષ્ય હાંસલ કરવામાં સફળ રહ્યા. રામદેવ પીરના દર્શન કર્યા બાદ હાર્દિકભાઈ સાવરકુંડલા પરત ફરતાં સમગ્ર વિસ્તારના લોકોએ તેમનું હરખભેર ભાવભર્યું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ભજન કીર્તનના ધ્વનિઓ વચ્ચે હાર્દિકભાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

### એસપીની સુચનાથી સિટી પોલીસનો સપાટો

# અમરેલીનાં સોની કારીગર સાથે વિશ્વાસઘાત કરનાર ઈસમોની અટકાયત

### મયુર મહેતા અને સંદિપ પારેખ ઝડપાયા



અમરેલી, તા. ૨

અમરેલીના ટાવર પાસે મુળ દાસ શેરીમાં સોનાના ઘરેણાં બનાવનાર કારિગર પાસે અજાણ્યા ઈસમે સોનાનું મંગળસુત્ર બનાવડાવી લઈ સામે સોનાની લગડી કહીને પિળી ધાતુની લગડી પકડાવી દઈ વિસઘાત તથા છેતરપીંડી કરનાર રાજકોટના બે શખ્શોને ગણતરીની કલાકોમાં સોનાના અસલ મંગળસુત્ર કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા ટેકિનકલ સોર્સ અમરેલી નેત્રમ કમાન્ડ કંટ્રોલની મદદથી સી.સી.ટી.વી. કેમેરાની સઘન તપાસ કરી પોકેટ કોપ એપનો ઉપયોગ કરી આરોપીઓની ઓળખ કરી હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે છેતરપીંડી તથા વિસઘાત કરનાર રાજકોટ ગામે લક્ષ્મીનગર મેઈન રોડ ઉપર પીજીવીસીએલ કચેરી સામે, સરકારી આવાસમાં રહેતા અને સોની બજાર કામ કરતા મયુર પ્રદિપભાઈ મહેતા તથા રાજકોટ ગામે સોની બજાર, દરબાઢ ચોકમાં રહેતા અને ઈમીટેશનનુ જોબવર્ક કરતાં સંદિપભાઈ નરેન્દ્રભાઈ પારેખ સહિત બે ઈસમોને ગણતરીની કલાકોમાં સોનાના અસલ મંગળસુત્ર કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

### અમરેલીનાં લેટરકાંડનાં મામલાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી

# પાટીદાર દીકરીનાં માનવ અધિકાર હનન મામલે કૂર્મી સેના મેદાનમાં : મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

### દીકરીને ન્યાય ન મળે તો માનવ અધિકાર આયોગમાં રજૂઆત કરાશે



રાજકોટ, તા. ૨

તાજેતરમાં અમરેલીમાં ભાજપનાં બે જૂથો વચ્ચે રાજકીય વૈમનસ્યને કારણે સ્થાનિક ધારાસભ્ય સામે અનેક આક્ષેપ કરતો પત્ર વાઈરલ થયો હતો. જે બાબતે સામેના જૂથ સામે ફરિયાદ નોંધાઈ હતી અને તે કેસમાં જેમણે ગુનામાં મુખ્ય ભૂમિકા ભજવી નહોતી તેવી પાટીદાર સમાજની દિકરીને આરોપી બનાવી તેની મધરાતે ધરપકડ કરી જાહેર માર્ગ પર તેનું સરઘસ કાઢવામાં આવતા આ બાબતે પાટીદાર સમાજમાં વ્યાપક રોષની લાગણી ફેલાઈ છે. આ મામલે દિકરીને યોગ્ય ન્યાય મળે અને તેને બદનામ કરી તેની સાથે હાર્ડ કોર ક્રિમીનલ જેવો વ્યહવાર કરનાર દોષિતો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા માટે આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા આજે રાજકોટ ખાતે કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

આ આવેદનમાં જો સરકાર દીકરીને ન્યાય અપાવવામાં નિષ્ફળ જશે તો આવનારા સમયમાં માનવ અધિકાર આયોગ, મહિલા આયોગ અને હાઈકોર્ટમાં સુઓમોટો રિટ સહિતનાં વિકલ્પો પર કાનૂની લડતનાં મંડાણ કરવામાં આવશે તેવી આતકે કૂર્મી સેનાનાં અગ્રણીઓએ જાહેરાત કરી હતી. આજે રાજકોટ કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં પાટીદાર સમાજનાં અગ્રણીઓ અને કૂર્મી સેનાનાં આગેવાનો–કાર્યકર્તાઓએ એકત્રિત થઈ દીકરીને ન્યાય અપાવવા માટે નારાબાજી કરી હતી. કૂર્મી સેનાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડીયા, રાષ્ટ્રીય મહામંત્રી ચિરાગ કાકડીયા અને આગેવાનોએ સાથે મળીને કલેકટર પ્રભોવ જોષીને ઉગ્ર રજૂઆત કરી પાટીદાર સમાજની લાગણીથી વાકેફ કર્યા હતા. આવેદનપત્ર આપવામાં કૂર્મી સેનાનાં એડવાઈઝરી બોર્ડનાં મુખ્ય સલાહકાર અશોકભાઈ દલસાણીયા, પ્રદેશ અગ્રણી વિજયભાઈ શિયાણી, સૌરાષ્ટ્ર ઝોન અગ્રણીઓ નરેન્દ્ર પટેલ, રમેશચંદ્ર પટેલ, લિનેશ સગપરિયા, ચંદ્રેશ સવસાણી, રાજકોટ શહેર મહામંત્રી કેતન તાળા, જેન્તીભાઈ મારડિયા, ધવલ વડાલિયા, મહેશ લુણાગરિયા, તુલસી પટેલ, વિનુભાઈ પટેલ, એડવોકેટ મોનલ પટેલ, ગોવિંદભાઈ સભાયા, પ્રિન્સ પાધરા, હાર્દિક વસોયા, દીપ ભંડેરી, ભવ્ય પટેલ, પ્રીત અકબરી, નિકુંજ ભુવા, વિશાલ રામાણી, નિલેશ હાપલિયા, વિશાલ રાબડીયા, ધવલ પાંભર, રમેશ લુણાગરિયા, હર્ષ સીદપરા, ભવ્ય પટેલ, કપિલ પરસાણીયા, કેવિન પટેલ, વૈશાલીબેન સહિતનાં અગ્રણીઓ અને મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાનાં કાર્યકર્તાઓ કલેકટરને આવેદનપત્ર આપવામાં સાથે જોડાયા હતા.

### અનિડાથી મોટા સમઢીયાળા ગામ વચ્ચે

# જાફરાબાદ-રાજકોટ રૂટની બસનાં ચાલકની ફરજમાં રૂકાવટ કરાઈ

### બસમાં રોદો આવતાં માથાકૂટ થઈ

અમરેલી, તા. ૨

અમરેલીના વરસડા ગામના વતની અને હાલ અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ અમરેલી એસ.ટી. ડીવીજન પાછળ જસોદાનગરમાં રહેતા અને એસ.ટી.માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ભરતભાઈ હાથીભાઈ વાળા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ તા. ૧ના રોજ પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન તેઓ જાફરાબાદ-રાજકોટ રૂટની લોકલ એસ.ટી. સરકારી બસ નં. જી.જે.-૧૮ ઝેડ-૪૯૦૨ લઈ રાજકોટ તરફ જતાં હતાં. તે વખતે ખાંભા બસ સ્ટેશન ખાતેથી મોટા સમઢીયાળા ગામના પેસેન્જરોને બેસાડેલ હતાં અને તેને લઈને મોટા સમઢીયાળા ગામ તરફ જતા હતાં. તે વખતે અનીડાથી મોટા સમઢીયાળા ગામની વચ્ચે આવેલ નાળા પાસે બસને રોદો આવતા બસમાં બેઠેલ ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે રહેતા પરેશભાઈ રવજીભાઈ ગોહીલ નામના આરોપી બસની સીટમાંથી નીચે બસની અંદર પડી ગયેલ. જેના લીધે આરોપીએ તથા તેની સાથેના આરોપી પારૂલબેન રવજીભાઈ ગોહીલ બન્નેએ બસ ડ્રાઈવર સાથે ફરજ દરમ્યાન માથાકુટ કરી ફરજમાં રૂકાવટ કરી જાફરાબાદ-રાજકોટ રૂટની લોકલ સરકારી એસ.ટી. બસ આશરે બે એક કલાક સુધી નિયમ સમય મુજબના રૂટ સિવાયના અન્ય સ્થળે ઉભી રખાવી ગેરકાયદેસર અવરોધ કરી થોભાવી રાખવા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

# બાબરાની પી.એમ.શ્રી તાલુકા શાળાના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨

બાબરામાં પી.એમશ્રી તાલુકાશાળા દ્વારા શિયાળુ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળામાં ધો ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી આશરે ૧૦૦થી વધુ જોડાયા હતા શાળાના શિક્ષક વિપુલભાઈ ત્રિવેદીના સીધા માર્ગદર્શન હેઠળ આયોજિત પ્રવાસમાં વિદ્યાર્થીઓ એ રાજકોટ ખાતે પ્રદ્યુમ્ન પાર્ક, રિજનલ સાયન્સ સીટી સહિતના વિવિધ સ્થળની મુલાકાત અને માહિતી મેળવી પ્રભાવિત થયા હતા.

### 3 જુલાઈ ૨૦૨૧નાં રોજ ફરિયાદ નોંધાયેલ

# દામનગર : ગૌવંશને કતલ કરવા લઈ જનાર ૨ આરોપીઓને ૭ વર્ષની સજા

### અમરેલી સેશન્સ કોર્ટ દ્વારા ૧-૧ લાખનો દંડ ફટકારાયો

અમરેલી, તા. ૨

ગત તા. ૩/૭/૨૧ના રોજ દામનગરમાં પોલીસ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પોલિસને બાતમી મળેલ કે ગૌવંશ કતલખાને લઈ જવા માટે ગૌવંશ ભરેલ ગાડી દામનગરમાં ભુરખીયા ચોકડી પાસે પસાર થવાની છે. જે બાતમીના આધારે પોલીસ ભુરખીયા ચોકડીએ વોચમાં રહેલા ત્યારે ગેરકાયદેસર કતલખાને લઈ જવાના ઈરાદે ગૌવંશને વાહનમાં ખીચોખીચ દયનીય હાલતમાં રાખી પાણી કે ઘાસચારાની કોઈ વ્યવસ્થા નહી રાખી આરોપીઓ હરેશભાઈ રમેશભાઈ ધુજીયા તથા નૌશાદ ઉર્ફે લાલો હબીબભાઈ સૈયદ દ્વારા ૮ ગાય તથા ૧ આખલો તથા ૧ વાછરડો સાથે પકડાઈ ગયેલ હતા.

આ અંગેનો કેસ અમરેલીના સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશ્યલ પી.પી. ચંદ્રેશ બી. મહેતાની દલીલોના આધારે સેશન્સ કોર્ટે બંને આરોપીઓને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ-૬ મુજબ સાત વર્ષની સજા તથા એક લાખનો દંડ ફટકારેલ હતો.


જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યક્તિઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪









ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..
શ્રીજી નગર - ૧





સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી
■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ પ્રકારનું લાઈટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ ક્વોલીટીનાં ઓઇલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઈપલાઇન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઇ તેમજ ૧૬ મીટર ઉંડાઇ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઇટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...
: સંપર્ક :
આપુભાઈ : ૭૦૧૬૮ ૫૩૭૪૦
જયમલભાઈ : ૯૯૦૪૦ ૬૧૫૬૬
વિમલભાઈ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

### ૩૨ ખેલાડીને અપાશે અર્જુન પુરસ્કાર

# મનુ ભાકર અને ડી. ગુકેશ સહિત ચાર ખેલાડીને ખેલ રત્નથી સન્માનિત કરાશે

## મનુ અને ગુકેશ ઉપરાંત હોકી ખેલાડી હરમનપ્રીત સિંહ અને પેરા એથ્લેટ પ્રવીણ કુમારને પણ ખેલ રત્ન એવોર્ડથી નવાજવામાં આવશે

નવી દિલ્હી, તા.૨

ભારત સરકારે મનુ ભાકર અને ડી ગુકેશ સહિત ૪ ખેલાડીઓને ખેલ રત્ન પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ મળશે. મનુ ભાકર અને ડી ગુકેશ ઉપરાંત હોકી ખેલાડી હરમનપ્રીત સિંહ અને પેરા એથ્લેટ ખેલાડી પ્રવીણ કુમારને પણ ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવશે. આ સિવાય ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવશે.

યુવા બાબતો અને રમત મંત્રાલયે આજે (૨ જાન્યુઆરી) રાષ્ટ્રીય રમત પુરસ્કારો ૨૦૨૪ની જાહેરાત કરી છે. ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત થનારા વિશેષ સમારોહમાં એવોર્ડ વિજેતાઓને ભારતના રાષ્ટ્રપતિ પાસેથી એવોર્ડ આપવામાં આવશે. સમિતિની ભલામણોના આધારે અને યોગ્ય તપાસ બાદ, સરકારે નીચેના ખેલાડીઓ, કોચ, યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને પુરસ્કારો આપવાનું નક્કી કર્યું છે.

આ વખતે ખેલ રત્ન અને ધ્યાનચંદ્ર ખેલ રત્ન પુરસ્કારોમાં કોઈ ક્રિકેટ ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જે આશ્ચર્યજનક છે. આ સાથે, ક્રિકેટ સાથે જોડાયેલા કોઈપણ વ્યક્તિનું નામ કોચની શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યું ન હતું.

મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર :

ડી. ગુકેશ, ચેસ

હરમનપ્રીત સિંહ, હોકી

પ્રવીણ કુમાર, પેરા-એથ્લેટિક્સ

મનુ ભાકર, શૂટિંગ

અર્જુન પુરસ્કાર મેળવનારા ખેલાડીઓની યાદી :

૧. જ્યોતિ યારાજી (એથ્લેટિક્સ)
૨. અન્નુ રાની (એથ્લેટિક્સ)
૩. નીતુ (બોક્સિંગ)
૪. સ્વીટી (બોક્સિંગ)
૫. વંતિકા અગ્રવાલ (ચેસ)
૬. સલીમા ટેટે (હોકી)
૭. અભિષેક (હોકી)
૮. સંજય (હોકી)
૯. જર્મનપ્રીત સિંહ (હોકી)
૧૦. સુખજીત સિંહ (હોકી)
૧૧. સ્વપ્રિલ સુરેશ કુસલે (શૂટિંગ)
૧૨. સરબજોત સિંહ (શૂટિંગ)
૧૩. અભય સિંહ (સ્ક્વોશ)
૧૪. સાજન પ્રકાશ (સ્વિમિંગ)
૧૫. અમન (કુશ્તી)
૧૬. રાકેશ કુમાર (પેરા તીરંદાજી)
૧૭. પ્રીતિ પાલ (પેરા એથ્લેટિક્સ)
૧૮. જીવનજી દીપ્તિ (પેરા એથ્લેટિક્સ)
૧૯. અજીત સિંહ (પેરા એથ્લેટિક્સ)
૨૦. સચિન સર્જેરાવ ખિલારી (પેરા એથ્લેટિક્સ)
૨૧. ધરમબીર (પેરા એથ્લેટિક્સ)
૨૨. પ્રણવ સુરમા (પેરા એથ્લેટિક્સ)
૨૩. એચ હોકાટો સેમા (પેરા એથ્લેટિક્સ)
૨૪. સિમરન જી (પેરા એથ્લેટિક્સ)
૨૫. નવદીપ (પેરા એથ્લેટિક્સ)
૨૬. નિતેશ કુમાર (પેરા બેડમિન્ટન)
૨૭. તુલસીમાથી મુરુગેસન (પેરા બેડમિન્ટન)
૨૮. નિત્ય શ્રી સુમતિ સિવન (પેરા બેડમિન્ટન)
૨૯. મનીષા રામદાસ (પેરા બેડમિન્ટન)
૩૦. કપિલ પરમાર (પેરા જુડો)
૩૧. મોના અગ્રવાલ (પેરા શૂટિંગ)
૩૨. રુબિના ફ્રાન્સિસ (પેરા શૂટિંગ)

રમત ગમતમાં ઉત્કૃષ્ટ દેખાવ માટે અર્જુન પુરસ્કાર (લાઈફ ટાઈમ)
૧. સુચ્ચા સિંહ (એથ્લેટિક્સ)
૨. મુરલિકાંત રાજારામ પેટકર (પેરા સ્વિમિંગ)

દ્રોણાચાર્ય પુરસ્કાર (રેગ્યુલર)
૧. સુભાષ રાણા (પેરા શૂટિંગ)
૨. દિપાલી દેશપાંડે (શૂટિંગ)
૩. સંદીપ સાંગવાન (હોકી)

દ્રોણાચાર્ય પુરસ્કાર (લાઈફ ટાઈમ)
૧. એસ. મુરલીધરન (બેડમિન્ટન)
૨. અર્માંડો એગ્નેલો કોલાકો (ફૂટબોલ)

રાષ્ટ્રીય ખેલ રતન પુરસ્કાર
૧. ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા

મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી ૨૦૨૪
૧. ચંડીગઢ યુનિવર્સિટી (ઓવરઓલ વિનર યુનિવર્સિટી)
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (ફર્સ્ટ રનર અપ યુનિવર્સિટી)
૩. ગુરુ નાનક દેવ વિશ્વવિદ્યાલય, અમૃતસર (સેકન્ડ રનર અપ યુનિવર્સિટી)

# કાશ્મીરનું નામ થઈ શકે છે કશ્યપ : કેન્દ્રીય ગૃહમંત્રી

## કલમ ૩૭૦ અને ૩૫એ દેશને એક થતાં રોકવામાં અડચણ હતી, સંવિધાન સભામાં આ ધારાઓને લઈને બહુમત નહોતો : શાહ

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે **'J&K and Ladakh Through the Ages'** પુસ્તકના વિમોચન અવસર પર કહ્યું કે, ''કાશ્મીરનું નામ કશ્યપના નામથી બની શકે છે.'' તેમણે કહ્યું કે, ''શંકરાચાર્યનો ઉલ્લેખ, સિલ્ક રુટ, હેમિષ મઠથી સાબિત થાય છે કે કાશ્મીરમાં જ ભારતની સંસ્કૃતિનો પાયો નંખાયો. સૂફી, બૌદ્ધ અને શૈવ મઠ સૌએ કાશ્મીરમાં ખૂબ જ સારી રીતે વિકાસ કર્યો.''તેમણે કહ્યું કે, ''કાશ્મીરી, ડોગરી, બાલ્ટી અને ઝંસ્કારી ભાષાને શાસનની સ્વીકૃતિ આપવામાં આવી. તેના માટે પીએમ મોદીનો આભાર. પીએમનો આગ્રહ હતો કે યૂટી બન્યા બાદ કાશ્મીરની નાનામાં નાની સ્થાનિક ભાષાને જીવંત રાખવામાં આવે. આ દેખાડે છે કે પીએમ કાશ્મીર વિશે કેટલું વિચારે છે.''

તેમણે કહ્યું કે, ''કલમ ૩૭૦ અને ૩૫એ દેશને એક થતાં રોકવામાં અડચણ હતી. સંવિધાન સભામાં આ ધારાઓને લઈને બહુમત નહોતો. એટલા માટે તેને ટેમ્પરરી તે સમયે બનાવી, પણ આઝાદી બાદ આ કલંકિત અધ્યાયને મોદી સરકારે હટાવ્યો અને વિકાસનો રસ્તો મોદી સરકારે ખોલ્યો.''તેમણે કહ્યું કે, ''કલમ ૩૭૦એ જ કાશ્મીરમાં અલગાવવાદનાં બીજારોપણ યુવાનોમાં વાવ્યાં. ધારા ૩૭૦એ ભારત અને કાશ્મીરમાં જોડાણને તોડ્યું એટલા માટે આતંકવાદ ઘાટીમાં ફેલાયો. ઘાટીમાં આતંકનો તાંડવ ફેલાયો. પણ ધારા ૩૭૦ હટ્યા બાદ કાશ્મીરમાં આતંક ઘટ્યો.''

તેમણે કહ્યું કે, ''કાશ્મીરના ઈતિહાસને પુસ્તક દ્વારા સ્થાપિત કરવાની કોશિશ કરી. એક જગ્યા પર કાશ્મીર પર આ પુસ્તકમાં પ્રમાણ સાથે ઈતિહાસ બતાવ્યો છે. ભારત આખી દુનિયામાં એકમાત્ર એવો દેશ છે, જેની બાઉન્ડ્રી સાંસ્કૃતિક પરંપરાના આધાર પર છે, એટલા માટે કાશ્મીરથી કન્યાકુમારી ભારત એક છે. ભારતને સમજવાનો પ્રયાસ ત્યારે જ સાચો થઈ શકે છે, જ્યારે જિયો સંસ્કૃતિના કલ્ચરને સમજ્યા હોય.'' ''આપણા દેશને તોડનારા તથ્યોને સમજવા પડશે. તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા છે. ઈતિહાસને વક્ર દ્રષ્ટિકોણથી અમુક લોકોએ જોયો. આ પુસ્તકથી એક વાત સાબિત થઈ ગઈ છે કે, ભારતના ખૂણા ખૂણામાં સંસ્કૃતિના અંશ તો પડેલા છે, તેમાંથી કેટલાય અંશો કાશ્મીરમાંથી આવ્યા છે.''

### જૂનો હિસાબ પણ બરાબર કરવા ભાજપની તૈયારી

# આ વખતે નીતિશ કુમાર માટે પલટી મારવી અઘરી

## લાલુ યાદવના નીતિશ કુમાર માટે દરવાજા ખુલ્લા હોવાના નિવેદને તો ભાજપના જૂથમાં પણ હડકંપ મચાવી દીધો

નવી દિલ્હી, તા. ૨

બિહારના રાજકારણમાં મુખ્યમંત્રી નીતિશ કુમારના રાજકીય ભવિષ્યને લઈને અસમંજસની સ્થિતિ ખતમ થવાનું નામ નથી લઈ રહી. આરજેડી સુપ્રીમો લાલુ યાદવના નીતિશ કુમાર માટે દરવાજા ખુલ્લા હોવાના નિવેદને તો ભાજપના જૂથમાં પણ હડકંપ મચાવી દીધો છે. જાન્યુઆરીની ઠંડી વચ્ચે લાલુ યાદવ અને આરજેડીના નેતા પોતાના નિવેદનોથી રાજકારણ ગરમાવી રહ્યા છે. લાલુ યાદવે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી નીતિશ કુમાર માટે દરવાજા ખુલ્લા છે. લાલુ યાદવના આ નિવેદન બાદ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ લાલુ યાદવ પર પ્રહાર કરતા કહ્યું કે, લાલુ યાદવ દિવસે સપના જોઈ રહ્યા છે. જોકે, સમ્રાટના પ્રહાર બાદ તેજસ્વી યાદવે મોરચો સંભાળ્યો અને કહ્યું કે, મીડિયાને ચુપ રાખવા માટે લાલુ યાદવે આ નિવેદન આપ્યું હતું. આ તમામ નિવેદનોથી લોકોના મનમાં સવાલ થઈ રહ્યો છે કે, આખરે બિહારમાં થઈ શું રહ્યું છે?

જણાવી દઈએ કે, આરજેડી નેતા તેજસ્વી યાદવે હાલમાં જ નીતિશ કુમારને માટે દરવાજા બંધ છે તેવું નિવેદન આપ્યું હતું. પરંતુ, તેજસ્વી યાદવના નિવેદનના ૭૨ કલાક પણ નહતાં થયાં અને લાલુ યાદવનું નીતિશ કુમારને લઈને નિવેદન સામે આવ્યું. એવામાં બિહારનું રાજકારણ એક ખીચડી બનીને તમામને મૂંઝવણમાં મુકી રહ્યું છે. પરંતુ, અહીં સવાલ એ થાય છે કે, આ ખીચડી બનાવી કોણ રહ્યું છે? શું બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં બિહારમાં ફરી એકવાર રાજકીય ભૂકંપ આવશે? લાલુ યાદવનું કહેવું છે કે, નીતિશ કુમાર માટે તો દરવાજા હંમેશા ખુલ્લા છે. પરંતુ, તે વારંવાર દરવાજાની બહાર જતા રહે છે. શું લાલુ યાદવનું આ નિવેદન નીતિશ કુમાર માટે ગ્રીન સિગ્નલ છે?

નોંધનીય છે કે, જો આ વખતે નીતિશ કુમાર પલટી મારવાવાળા રાજકારણ વિશે વિચારશે તો પણ તેમના માટે એટલું સરળ નહીં રહે. કારણકે, આ વખતે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ બિહાર પર ચાંપતી નજર રાખીને બેઠા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બિહારના રાજકારણ પર દિલ્હીથી નજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને જેડીયુના બે નેતા કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા અને કેન્દ્રીય મંત્રી લલન સિંહ પર નજર રાખવામાં આવી રહી છે. આરસીપીવાળી કહાનીનું એકવાર ફરી પુનરાવર્તન ન થાય તે માટે ભાજપ પણ સતર્ક છે. એવામાં એકવાર ફરી નીતિશ કુમારની પલટી મારવું એટલું સરળ નહીં રહે.

બિહારના રાજકારણને નજીકથી જાણતાં રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, નીતિશ કુમાર ખૂબ ચાલાક અને હાર્ડ બારગેનર છે. ભાજપને જણાવી રહ્યા છે કે, તેનો બિહારમાં હજુ પણ રાજકીય જનાધાર પહેલાં જેવો જ છે. તેથી પટનામાં દર ૭ દિવસ બાદ નીતિશ કુમારના નામે જેડીયુ અલગ-અલગ પોસ્ટર લગાવે છે. નીતિશ કુમારની આ બધી તૈયારીઓ આગામી ચૂંટણીમાં મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહી છે. બિહારમાં નીતિશ કુમારને એનડીએના નેતા માનવા સિવાય ભાજપ પાસે બીજો કોઈ વિકલ્પ નથી. એવામાં કોઈ બેમત નથી કે, જો નીતિશ કુમારને આરજેડીના મુખ્યમંત્રી પદની ઑફર કરે તો તે ત્યાં પણ જઈ શકે છે. જો કે, આ વખતે નીતિશ કુમાર માટે આ પલટી મારવી સરળ નહીં રહે. કારણ કે, નીતિશ કુમારની આસપાસ જેટલાં પણ મોટા નેતા ફરી છે, તે તમામ ભાજપ સાથે રહેવાના પક્ષમાં છે.

કુલ મળીને બિહારમાં આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે, જેને લઈને તમામ રાજકીય પાર્ટીઓ તૈયારીમાં લાગી ગયા છે. કોઈ મુખ્યમંત્રીનું પદ સુરક્ષિત કરવા ઈચ્છે છે, તો કોઈ મુખ્યમંત્રી પદ સુધી પહોંચવાનો રસ્તો સરળ કરવાની તૈયારી કરે છે. ઘણાં વર્ષોથી જોઈ રહેલાં રાહને ખતમ કરવા માગે છે. ખાસ કરીને આરજેડી સુપ્રીમો લાલુ યાદવે આ વિશે તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાના દરેક પ્રયાસ અત્યારથી જ શરૂ કરી દીધા છે, જેનાથી દીકરાનો રસ્તો સરળ થઈ જાય. વળી, ભાજપ આ વખતે નીતિશ કુમારને સાથે રાખીને પોતાના મુખ્યમંત્રી બનાવવા ઈચ્છે છે.

# સરકારની નાની બચત યોજનાઓના માર્ચ ત્રિમાસિક વ્યાજદર જાહેર

## કેન્દ્ર સરકાર દર ત્રિમાસિકમાં આ યોજનાઓના વ્યાજમાં મોંઘવારીના આધારે ફેરફાર કરે છે

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારે પીપીએફ સહિત સરકારી નાની બચત યોજનાઓ માટે નવા વ્યાજદર જાહેર કર્યા છે. કેન્દ્ર સરકાર દર ત્રિમાસિકમાં આ યોજનાઓના વ્યાજમાં મોંઘવારીના આધારે ફેરફાર કરે છે. જેમાં પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર માર્ચ ત્રિમાસિકમાં ૭.૧ ટકા વ્યાજ મળશે. પીપીએફ યોજના પર ૭.૧ ટકાનો વ્યાજદર ૧ એપ્રિલ, ૨૦૨૦થી લાગુ છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે પહેલાં ૭.૯ ટકા વ્યાજ મળતુ હતું.

પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓમાં મોટાભાગની સ્કીમમાં વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા છે. જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૫ ત્રિમાસિક દરમિયાન પોસ્ટ ઓફિસ સેવિંગ ડિપોઝિટ પર ૪ ટકા વ્યાજદર યથાવત રાખવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા સુરક્ષિત અને નાના રોકાણકારો માટે નાની બચત યોજનાઓ ચલાવવામાં આવે છે. આ યોજનાનું સંચાલન પોસ્ટ ઓફિસ તેમજ અમુક બેંક્રો દ્વારા થાય છે. જેને ત્રણ કેટેગરીમાં ફાળવવામાં આવી છે. પ્રથમ સેવિંગ્સ ડિપોઝિટ, બીજુ સોશિયલ સિક્યુરિટી સ્કીમ અને ત્રીજુ મંથલી ઈનકમ પ્લાન. સેવિંગ્સ ડિપોઝિટમાં પીપીએફ અને પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમને આવરી લેવામાં આવી છે. સોશિયલ સિક્યુરિટી સ્કીમમાં સુકન્યા સમૃદ્ધિ યોજના અને વરિષ્ઠ નાગરિક બચત યોજના સમાવિષ્ટ છે.

જ્યારે મંથલી ઈનકમ પ્લાનમાં મંથલી ઈનકમ એકાઉન્ટમાં રોકાણ કરી શકો છો.

### નાની બચત યોજનાઓના વ્યાજદર (એપ્રિલ ત્રિમાસિક, ૨૦૨૪-૨૫)

| નાની બચત યોજના | વ્યાજદર |
| --- | --- |
| સેવિંગ્સ ડિપોઝિટ | ૪ ટકા |
| ૧ વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૬.૯ ટકા |
| ૨ વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭.૦ ટકા |
| ૩ વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭.૧ ટકા |
| ૫ વર્ષીય પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ | ૭,૫ ટકા |
| ૫ વર્ષીય રિકરિંગ ડિપોઝિટ | ૬.૭ ટકા |
| નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ | ૭.૭ ટકા |
| કિસાન વિકાસ પત્ર | ૭.૫ ટકા |
| પબ્લિક પ્રોવિડન્ટ ફંડ | ૭.૧ ટકા |
| સુકન્યા સમૃદ્ધિ યોજના | ૮.૨ ટકા |
| સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ | ૮.૨ ટકા |
| મંથલી ઈનકમ એકાઉન્ટ | ૭.૪ ટકા |

### રોકાણકારો ૬00000 કરોડ કમાયા

# શેરબજારમાં રેકોર્ડ બ્રેક તેજી જોવા મળી, સેન્સેક્સમાં ૧૪૩૬ પોઈન્ટનો ઉછાળો

## નિફ્ટી ૧.૮૮ ટકાના વધારા સાથે ૨૪,૧૮૮ પર બંધ

મુંબઈ, તા. ૨

આજના ટ્રેડિંગ દરમિયાન, બજાજ ફિનસર્વ, આઈશર મોટર્સ, બજાજ ફાઈનાન્સ, મારુતિ સુઝુકી, શ્રીરામ ફાઈનાન્સના શેર નિફ્ટી પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ અને સન ફાર્માના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા.

કારોબારી સપ્તાહના ચોથા દિવસે શેરબજાર ઉછાળા સાથે ગ્રીન ઝોનમાં બંધ થયું છે. **BSE** પર સેન્સેક્સ ૧૪૩૬ પોઈન્ટના ઉછાળા સાથે ૭૯,૯૪૩.૭૧ પર બંધ રહ્યો હતો .., **NSE** પર નિફ્ટી ૧.૮૮ ટકાના વધારા સાથે ૨૪,૧૮૮.૬૫ પર બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન, બજાજ ફિનસર્વ, આઈશર મોટર્સ, બજાજ ફાઈનાન્સ, મારુતિ સુઝુકી, શ્રીરામ ફાઈનાન્સના શેર નિફ્ટી પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ અને સન ફાર્માના શેર ટોપ લૂઝરની યાદીમાં સામેલ હતા. ઓટો ઈન્ડેક્સ ૩.૫ ટકા અને **IT** ઈન્ડેક્સ ૨ ટકા વધવા સાથે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા રંગમાં ટ્રેડ થયા હતા.નાણાકીય ક્ષેત્રમાં ૦.૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી જ્યારે ખાનગી બેંક્રોમાં ૦.૫ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ આગામી ત્રિમાસિક કમાણીના સત્ર પહેલાં નાણાકીય, ઓટો અને આઈટી શેર્સમાં વૃદ્ધિને કારણે એશિયન બજારોમાં નુકસાન છતાં ગુરુવારે ઊંચા વેપાર કર્યા હતા. આ હકારાત્મક વિકાસને બે બ્રોકરેજ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, જેમણે સેક્ટરની સ્થિર એસેટ ગુણવત્તા અને આકર્ષક મૂલ્યાંકન તરફ ધ્યાન દોર્યું હતું. ટ્રેડિંગ સપ્તાહના ચોથા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં ખુલ્યું હતું. મ્જીઈ પર સેન્સેક્સ ૧૩૪ પોઈન્ટના ઉછાળા સાથે ૭૮,૬૪૧.૫૦ પર ખુલ્યો હતો. તે જ સમયે, દ્વજીઈ પર નિફ્ટી ૦.૧૭ ટકાના વધારા સાથે ૨૩,૭૮૩.૦૦ પર ખુલ્યો હતો.

### ઓસ્ટ્રેલિયાથી મોટા સમાચાર સામે આવ્યા

# કેપ્ટન રોહિત શર્મા આગામી પાંચમી ટેસ્ટ મેચ નહીં રમે

## ટીમમાં જસપ્રીત બુમરાહ કેપ્ટનશિપ કરતો જોવા મળી શકે છે

સિડની, તા.૨

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી **(BGT)** ની છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં યોજાવાની છે. સિડનીમાં યોજાનારી આ મેચ ભારતીય સમય અનુસાર સવારે ૫ વાગ્યે શરૂ થશે, જ્યારે ટોસ ૪:૩૦ વાગ્યે યોજાશે. પરંતુ ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્મા આ મેચમાં બહાર બેસી શકે છે. તેની જગ્યાએ જસપ્રીત બુમરાહ કેપ્ટનશિપ કરતો જોવા મળી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શુભમન ગિલ પ્લેઈંગ ૧૧માં વાપસી કરવા માટે તૈયાર છે. કેએલ રાહુલ યશસ્વી જયસ્વાલ સાથે ઈનિંગ્સની શરૂઆત કરી શકે છે. ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્માને ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે આરામ આપવામાં આવી શકે છે. તેના સ્થાને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ શુક્રવારે સવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ **(SCG)** ખાતે ટોસ મેદાનમાં શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે- રોહિતે કોચ ગૌતમ ગંભીર અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકરને પોતાના નિર્ણયની જાણકારી આપી છે. જેના માટે બંને સંમત થયા છે. તમને જણાવી દઈએ કે ઈજાના કારણે આકાશદીપ સિડની ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાનો ભાગ નહીં હોય. આકાશદીપની જગ્યાએ પ્રસિદ્ધ કૃષ્ણાને તક મળી છે. તે લાંબા સમય બાદ ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે. આ સિવાય કેએલ રાહુલ ઈનિંગની શરૂઆત કરશે. રોહિતની જગ્યાએ શુભમન ગિલની ટીમમાં વાપસી થઈ છે.

ટીમ ઈન્ડિયા માટે સૌથી મોટી ચિંતા કેપ્ટન રોહિત શર્માનું ખરાબ [redacted]

### દર ૧૨ દિવસમાં સ્કેન કરશે એક-એક ઇંચ જમીન

# નવા વર્ષમાં ભારત લોન્ચ કરશે વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઇટ

## ISRO માર્ચમાં વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઇટ લોન્ચ કરશે, જેની કિંમત $૧.૫ બિલિયન એટલે કે ૧૨,૫૦૫ કરોડ રૂપિયા છે

નવી દિલ્હી, તા.૨

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન **(ISRO)** નવા વર્ષમાં વિશ્વનો સૌથી મોંઘો સેટેલાઈટ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેને **ISRO** અને **NASA** દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ સેટેલાઈટ માર્ચમાં લોન્ચ થઈ શકે છે. તેની કિંમત ૧૨,૫૦૫ કરોડ રૂપિયા છે અને તે અત્યાર સુધીનો વિશ્વનો સૌથી મોંઘો ઉપગ્રહ હોવાનું કહેવાય છે. આ ઉપગ્રહ દર ૧૨ દિવસે પૃથ્વીની એક-એક ઈંચ જમીનને સ્કેન કરશે. આ સેટેલાઈટ ઈકોસિસ્ટમમાં ગડબડ અને સમગ્ર વિશ્વમાં બદલાઈ રહેલા હવામાનનું અવલોકન કરશે. એટલે કે તેની મદદથી પૃથ્વી પર આવનારી કુદરતી આફતોની ઘણી હદ સુધી અગાઉથી આગાહી કરી શકાશે.

આ સેટેલાઈટનું નામ નાસા ઈસરો સિન્થેટિક એપરચર રડાર **(NISAR)** રાખવામાં આવ્યું છે. તેનું વજન ૨,૬૦૦ કિગ્રા છે. **NASA** અને **ISRO** એ સપ્ટેમ્બર ૨૦૧૪માં **NISAR** મિશન પર સહયોગ કરવા અને આને લોન્ચ કરવા માટે એક ભાગીદારી કરી હતી. આ મિશનને વર્ષ ૨૦૨૪માં લોન્ચ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ કોરોના રોગચાળાને કારણે તેમાં [redacted] વધુ વખત પૃથ્વીની જમીન અને બરફને અદ્યતન રડાર ઈમેજિંગનો ઉપયોગ કરીને મેપ કરશે. તે ધરતી, સમુદ્ર અને બરફની સપાટીને પણ મેપ કરશે અને નાનામાં નાની ગતિવિધિને પણ કેપ્ચર કરશે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે આના દ્વારા સપાટીની નીચે થઈ રહેલી ગતિવિધિઓને પણ સમજી શકીશું.

આ સેટેલાઈટને **ISRO**ના **GSLV-MK** ૨ રોકેટ દ્વારા સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. સેટેલાઈટમાં એલ-બેન્ડ અને એસ-બેન્ડ રડાર સિસ્ટમ લગાવવામાં આવી છે. એલ-બેન્ડ રડાર સપાટીની નાની હલનચલન શોધવામાં સક્ષમ છે જ્યારે ઈસરોનું એસ-બેન્ડ રડાર ઈમેજ રિઝોલ્યુશન વધારવાનું કામ કરશે. આ ઉપરાંત તેમાં ૩૯ ફૂટનું એન્ટેના રિફલેક્ટર લગાવવામાં આવ્યું છે, જે ગોલ્ડ પ્લેટેડ જાળીથી બનેલું છે. તે દરેક સમયે અને સિઝનમાં રિયલ ટાઈમ ડેટા પ્રદાન કરવામાં સક્ષમ હશે.

### કૃષિ મંત્રીને મુખ્યમંત્રી આતિશીએ ઝાટક્યાં

# આ તો દાઉદ અહિંસા પર પ્રવચન આપતો હોય એવું થયું

## ખેડૂતો પર રાજકારણ કરવાનું બંધ કરો : ભાજપના રાજમાં ખેડૂતો પર ગોળી ચલાવવામાં આવી : દિલ્હીના સીએમ

નવી દિલ્હી, તા.૨

દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુરુવારે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને પત્ર લખ્યો હતો.

આ પત્રમાં તેમણે ખેડૂતોને પડી રહેલી તમામ સમસ્યાઓ ગણાવી હતી. હવે આતિશીએ તેમના પત્રનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, 'ભાજપની ખેડૂતો વિશે વાત કરવી એ તો દાઉદ અહિંસા પર પ્રવચન આપતો હોય એવું થયું.' જેટલી ખરાબ હાલત ખેડૂતોની ભાજપના રાજમાં થઈ છે એટલી પહેલા ક્યારેય નથી થઈ. તેમણે પાર્ટીને ખેડૂતો પર રાજકારણ ન કરવાની સલાહ પણ આપી છે. દિલ્હીના સીએમ એ આગળ કહ્યું કે, ખેડૂતો પર રાજકારણ કરવાનું બંધ કરો. ભાજપના રાજમાં ખેડૂતો પર ગોળી ચલાવવામાં આવી, લાઠીચાર્જ કરાયો. તમને જણાવી દઈએ કે, ખેડૂતોના મામલે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દિલ્હીના સીએમને પત્ર લખ્યો છે. તેમણે દિલ્હીમાં ખેડૂતોની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યુંકે, આમ આદમી પાર્ટીની સરકારે કેન્દ્રની યોજનાઓને લાગુ કરીને ખેડૂતોને રાહત આપવી જોઈએ. ચૌહાણે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને લખેલા પત્રમાં આરોપ લગાવ્યો છે કે, દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર ખેડૂતો પ્રત્યે ખૂબ જ ઉદાસીન છે અને આમ આદમી પાર્ટીની દિલ્હી સરકારને ખેડૂતો પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી.

તેમણે કહ્યું કે, દિલ્હીમાં તત્કાલિન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને શ્રીમતી આતિશીએ ક્યારેય ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય નથી લીધા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, દિલ્હીમાં ૧૦ વર્ષથી આમ આદમી પાર્ટીની સરકાર છે પરંતુ પૂર્વ મુખ્યમંત્રીએ હંમેશા ખેડૂતો સાથે છેતરપિંડી કરી છે. કેન્દ્ર સરકારની ખેડૂતોના હિતની યોજનાઓ દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા લાગુ કરવામાં નથી આવી.

આ કારણોસર દિલ્હીના ખેડૂતો કેન્દ્રની કલ્યાણકારી યોજનાઓના લાભોથી વંચિત રહી રહ્યા છે. દિલ્હીમાં ખેડૂતો માટે વીજળીના ઊંચા દર નક્કી કરવામાં આવ્યા છે. યમુનાને અડીને આવેલા ગામડાઓમાં સિંચાઈના સાધનોના વીજ કનેક્શન કપાઈ રહ્યા છે, જેના કારણે ખેડૂતોની આજીવિકા પર સકંટ ઊભું થયું છે.

### પૂર્વ બે ધારાસભ્યોના શાબ્દિક પ્રહારો શાંત લેવાનું નામ નથી લેતું

# વિસાવદરમાં પૂર્વ ધારાસભ્યો વચ્ચેના વિવાદથી રાજકારણ ગરમાયું

**પક્ષ પલટો કરીને ભાજપમાં આવેલા વિસાવદર વિધાનસભા બેઠકના બે પૂર્વ ધારાસભ્યોના અંદરો અંદરનો કચવાટ ચરમસીમાએ પહોંચ્યો છે**

વિસાવદર, તા.૨

ભાજપ પાર્ટીએ દેશની શિષ્ટબધ્ધ પાર્ટી ગણાય છે. પરંતુ પક્ષ પલટો કરીને ભાજપમાં આવેલા વિસાવદર વિધાનસભા બેઠકના બે પૂર્વ ધારાસભ્યોના અંદરો અંદરનો કચવાટ ચરમસીમાએ પહોંચ્યો છે. છેલ્લા ઘણા સમયથી જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા બેઠક પ્રતિનિધિ થવા વગરનું છે કારણ કે પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણી આમદની પાર્ટીમાંથી જીત્યા બાદ પક્ષપલટો કરી ભાજપમાં આવી ગયા હતા તે સમયે હર્ષદ રીબડીયાએ ભુપત ભાયાણી સામે કોર્ટમાં પિટિશન કરી હતી જે બાદ આ પિટિશનનો ઉકેલ નહીં આવતા હજુ સુધી વિસાવદર વિધાનસભા બેઠક પર ચૂંટણી થઈ શકી નથી આ વિવાદ વચ્ચે હર્ષદ રીબડીયા થોડા દિવસ પહેલા ઈકો ઝોનના વિરોધમાં આપના કાર્યક્રમમાં જોવા મળ્યા હતા તેને લઈ ભુપત ભાયાણીએ નિવેદન આપ્યું હતું તેની સામે આજે બે દિવસ બાદ પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ મોન તોડ્યું હતું અને નિવેદન આપ્યું કે હું ખેડૂતોની સાથે છું અને ખેડૂતો સાથે જ રહેવાનો છું ભુપત ભાયાણી ઉપર કોઈ કોમેન્ટ કરવાની થતી નથી જેના જેવા વિચારો છે તે રજૂ કરે છે. જ્યારે હું ભારતીય જનતા પાર્ટીનો સૈનિક છું અને વડાપ્રધાન મોદીની વિચારધારા સાથે જોડાયો છું હું કોઈ પક્ષમાં હવે જવાનો નથી બીજી તરફ વિધાનસભા બેઠકને લઈ કહ્યું કોર્ટ મેટર ચાલે છે તેમાં કોઈ કોમેન્ટ નહીં કરું. અમે બધા સાથે છીએ મેં કોઈ પાર્ટી વિરુદ્ધ કામ કર્યું નથી ઈકોઝન મુદ્દે વડાપ્રધાનને મળવાની વાત મેં સંમેલનમાં કરી હતી કોઈ વિવાદિત નિવેદન આપ્યું નથી.

હર્ષદ રીબડીયાના નિવેદન પર વધુ એક વાર પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણીએ પ્રહારો કર્યા છે. મોટાભાઈ છે તે મોટી વાતો કરે છે જો મન દુઃખ ન હોય તો મારી સાથે આવી પિટિશન પરત ખેંચી લેવી જોઈએ પિટિશન પરત ખેંચવાની રજૂઆત લઈને હર્ષદભાઈ પાસે હું ઘણીવાર ગયો હતો અને મહુડી મંડળમાંથી પણ પિટિશિયન બાબતે હર્ષદ રીબડીયાને સુચનાઓ આપવામાં આવી છે છતાં તે ઉલંઘન કરી રહ્યા છે. નાની એવી બાબતની પિટિશન કરી વિસાવદર વિધાનસભા બેઠકના ૨.૫૦ લાખ લોકો વિકાસથી વિહોણા છે અને કોઈ પ્રતિનિધિત્વ કરનાર વ્યક્તિ જ વિસાવદર વિધાનસભા બેઠક પર નથી.. જેનું કારણ છે હર્ષદ રીબડીયા. ૨૦૨૩ માં ભુપત ભાયાણી સામે હર્ષદ રીબડીયાએ ભાયાણીના દીકરાની બાઈકની વિગત ચૂંટણી ફોર્મમાં છુપાવી હતી તે બાબતની પિટિશન કોર્ટમાં દાખલ કરાઈ હતી. વિસાવદર વિધાનસભા બેઠકના બંને પૂર્વ ધારાસભ્યો આમને સામને આવ્યા છે જ્યારે આક્ષેપ પ્રતી આક્ષેપ થઈ રહ્યા છે જેની સામે હવે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે નિવેદન આપ્યું છે અને કહ્યું કે વિસાવદર વિધાનસભા વિસ્તારના લોકો સાથે આ બંને પૂર્વ ધારાસભ્યોએ ગદ્દારી કરી છે અને આ બંનેનો કચવાટએ હાસ્યસ્પદ છે. બંને ધારાસભ્યો એ અંગત કારણસર લોકોના કરોડો રૂપિયાની ગ્રાન્ટ જતી રહી અને વિકાસ થતો નથી કારણ કે આ વિસ્તારમાં બે પૂર્વ ધારાસભ્યોના પક્ષ પલટો અને લડાઈથી લોકો હેરાન થયા છે અને આ બંને પૂર્વ ધારાસભ્યોને ભાજપના રમકડા ગણાવ્યા છે અને નાની એવી હાસ્યસ્પદ નાની એવી મેટરની પિટિશન કરી છે અને જેના કારણે વિધાનસભા વિસાવદર બેઠક પ્રતિનિધિત્વ વગરની બની છે જ્યારે ભાજપ આ વિધાનસભા બેઠક હારી રહ્યું છે તે માટે આ ગતકળા કરી રહ્યું છે. જયારે બંને પૂર્વ ધારાસભ્યોએ જનતાનો દ્રો કર્યા હોવાનું નિવેદન જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આપ્યું હતું.આમ વિસાવદર વિધાનસભા બેઠક પર બે પૂર્વ ધારાસભ્યો એક પક્ષમાં હોવા છતાં પણ પિટિશનનો અંત નથી આવતો જ્યારે કોંગ્રેસ હવે આ બાબતમાં ઝંપલાવ્યું છે જોવું એ રહ્યું કે વિસાવદર વિધાનસભા બેઠક પર થયેલ પિટિશન ક્યારે દૂર થાય છે અને ક્યારે લોકોને પોતાનો પ્રતિનિધિ મળશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૦૪થી વધુ

# ટેક પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લીધી

**અગ્રણી ટેક પ્રદર્શકોને સાથે લાવવાનો તેમજ ટેકનોલોજી ક્ષેત્રમાં નવીનતા અને સહયોગની ઉજવણી કરવાનો છે**

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર દેશમાંથી પધારેલા ૧૦૪થી વધુ ટેક પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ACMA ટેક એક્સ્પો ૨થી ૪ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવન ખાતે યોજાશે. અમદાવાદ કોમ્પ્યૂટર મર્ચન્ટ્સ એસોસિએશન ટેક એક્સપોનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાંથી પધારેલા ૧૦૪થી વધુ અગ્રણી ટેક પ્રદર્શકોને એકસાથે લાવવાનો તેમજ ટેકનોલોજી ક્ષેત્રમાં નવીનતા અને સહયોગની ઉજવણી કરવાનો છે. આ એક્સપોમાં પ્રદર્શન અને વેપાર મેળો, ACMA નેક્સ્ટ જનરેશન ટેકનોલોજી સમિટ, બિઝનેસ ટુ બિઝનેસ ક્રિયા-પ્રતિક્રિયાઓ માટે સ્પીડ વેન્ડિંગ સેશન્સ, ACMA સ્ટાર્ટઅપ સમિટ, CIO કોંકલેવ સાઈબર ગેમિંગ ચેમ્પિયનશિપ, સાયબર ક્રાઈમ સહિતની વિવિધ ઈવેન્ટ્સ અને પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવશે. સાથે જ અવેરનેસ ડ્રાઈવ, ACMA નેટવર્કિંગ ડિનર અને ઈ – વેસ્ટ કલેક્શન ડ્રાઈવનો હેતુ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં જ્ઞાનની વહેંચણી કરવાનો અને બિઝનેસ નેટવર્કિંગ તેમજ ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન, સાયન્સ અને ટેકનોલોજી વિભાગનાં અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર, ACMAના પ્રેસિડેન્ટ ગૌરાંગ શેઠ, GTUનાં વાઈસ ચાન્સેલર રાજુલ ગજ્જર, ગુજરાત કાઉન્સિલ સાયન્સ સિટીના ડાયરેક્ટર સુધીર પટેલ, ACMAના સેક્રેટરી પુરવ શાહ તેમજ અન્ય સભ્યો અને વિવિધ રાજ્યોમાંથી પધારેલા ટેક પ્રદર્શકો ઉપસ્થિત રહ્યા હતા.

### CCTVમાં ઘટના કેદ થઈ

# મમતા બેનરજીના નજીકના TMC નેતાની જાહેરમાં ગોળી મારી હત્યા

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દુલાલ સરકારની હત્યા મામલે દુઃખ વ્યક્ત કર્યું હતું**

માલદા, તા.૨

પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં આજે સવારે (૨ જાન્યુઆરી) તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલર દુલાલ સરકારની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. બાઈક પર આવેલા બદમાશોએ ઝાલઝાલિયા વિસ્તારમાં આવી TMCના માલદાના કાઉન્સિલર સરકારને માથામાં ગોળી મારી હત્યા કરી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, સરકારને ગોળી વાગ્યા બાદ તેમને તુરંત નજીકની હોસ્પિટલ લઈ જવાયા, જોકે તેમણે દમ તોડી દીધો હતો. આ ઘટના અંગે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અમે ગોળીબાર કરનારા બદમાશોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પીટીઆઈ દ્વારા એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ટીએમસીના કાઉન્સિલર દુલાલ સરકાર પોતાનો જીવ બચાવવા દોડતા જોવા મળે છે. તે પોતાની દુકાને બેઠા હતા ત્યારે કેટલાક લોકો તેમની પાસે આવ્યા. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, એવું બહાર આવ્યું છે કે, બાઈક પર આવેલા હુમલાખોરોએ તેને ખૂબ નજીકથી માથામાં ઘણી વખત ગોળી મારી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દુલાલ સરકારની હત્યા મામલે દુઃખ વ્યક્ત કર્યુ છે. સરકાર બાબલાના નામથી જાણીતા હતા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'મારા નજીકના સહયોગી અને ખૂબ જ લોકપ્રિય નેતા બાબલા સરકારની આજે હત્યા કરવામાં આવી છે. તેમણે અને તેમની પત્ની ચૈતાલી સરકારે શરૂઆતથી જ તૃણમુલ કોંગ્રેસ માટે અથાગ મહેનત કરી અને બાબલાની કાઉન્સિલ તરીકે પસંદગી થઈ હતી. હું આ ઘટનાથી સ્તબ્ધ અને દુઃખી છું. ભગવાન ચૈતાલીને જીવન જીવવાની અને લડવાની શક્તી આપે.'

કાઉન્સિલની દર્દનાક હત્યા બાદ પશ્ચિમ બંગાળની રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. ટીએમસીના મહાસચિવ અભિષેક બેનરજીએ પોલીસને ઝડપી કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, રાજકીય સંબંધોએ તપાસને પ્રભાવિત ન કરવી જોઈએ. પોલીસે હત્યાની તપાસ શરૂ કરી દીધી છે અને હુમલાખોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### લેહમેને સૌથી વધુ પ્રશંસા બુમરાહની કરી

# ભારતીય ક્રિકેટમાં ઉંડાણ જોતાં રોહિત-કોહલીની જગ્યા ભરાઈ શકે છેઃ લેહમેન

**ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ પણ તેમની પર આડકતરી રીતે દબાણ લાવી રહ્યા છ**

મેલબોર્ન, તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં અપેક્ષા કરતાં અલગ જ થઈ રહ્યું છે અને તેમાં ય તેના બે સ્ટાર અને સૌથી સિનિયર બેટ્સમેન નિષ્ફળ જઈ રહ્યા છે ત્યારે બંનેએ હવે નિવૃત્ત થઈ જવું જોઈએ તેવી માગણી વચ્ચે હવે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર્સે પણ મીડિયાના માધ્યમથી આ પ્રકારની વાતોને વેગ આપવાનું શરૂ કર્યું છે. સોમવારે ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ભારતનો શરમજનક પરાજય થયો હતો. આ પરાજયને પગલે ઓસ્ટ્રેલિયાએ ૨-૧ની સરસાઈ હાંસલ કરી લીધી હતી અને હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશવાની ભારતની શક્યતાઓ ઘટી રહી છે. ઓસ્ટ્રેલિયન ટીમના ભૂતપૂર્વ હેડ કોચ અને બે વખત વર્લ્ડ ચેમ્પિયન ટીમ માટે રમી ચૂકેલા ડેરેન લેહમેને આ મેચ બાદ જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટે હંમેશાં પેઢી દર પેઢી સારા ક્રિકેટર આપ્યા છે અને યશસ્વી જયસ્વાલ આ કડીને આગળ ધપાવી રહ્યો છે. ભારતીય ક્રિકેટમાં એટલું ઉંડાણ છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા તેમની કારકિર્દીનો અંત લાવી દે તો પણ ભારતીય ટીમ સારી જ રહેવાની છે. ઓસ્ટ્રેલિયા માટે લગભગ એક દાયકા સુધીમાં ૨૭ ટેસ્ટ અને ૧૧૭ વન-ડે રમેલા ૫૪ વર્ષીય ડેરેન લેહમેને જણાવ્યું હતું કે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટનું માળખું મજબૂત રહ્યું છે અને તે હંમેશાં મજબૂત બેટ્સમેન આપી રહ્યું છે ત્યારે કોહલી કે રોહિતની જગ્યા ભરાઈ શકે છે.લેહમેને ભારતના સ્ટાર બોલર જસપ્રિત બુમરાહની ભરપુર પ્રશંસા કરી હતી. બુમરાહ અંગે તેમણે જણાવ્યું હતું કે મેં આજ સુધી એક જ સિરીઝમાં આટલી બધી અસર પેદા કરનારો કોઈ બોલર જોયો નથી. વર્તમાન સિરીઝમાં ભારતની બેટિંગનું કંગાળ પ્રદર્શન અને સિરીઝમાં ૧-૨થી પાછળ રહ્યા બાદ વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિની ચર્ચાઓ અંગે લેહમેને ખેદ વ્યક્ત કરીને વ્યવહારિક અભિગમન અપનાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ હાલમાં પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. તેઓ (કોહલી અને રોહિત) ગમે ત્યારે આ અંગે નિર્ણય લેશે અને આગામી દિવસોમાં જે કાંઈ બને પરંતુ આ બંને બેટ્સમેન મહાન છે અને લાંબા સમયથી ભારત માટે રમી રહ્યા છે. હવે આપણે કેટલાક યુવાન ખેલાડીઓને જોઈ રહ્યા છીએ. તેઓ સારી રમત દાખવી રહ્યા છે અને ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યા છે. ભારતીય ક્રિકેટમાં એટલું બધું ઉંડાણ છે કે ભવિષ્ય અંગે ખાસ ચિંતા કરવાની જરૂર નથી.૧૯૯૯ અને ૨૦૦૩માં વર્લ્ડ ચેમ્પિયન બનેલી ઓસ્ટ્રેલિયન ટીમના સદસ્ય રહી ચૂકેલા લેહમેને ઉમેર્યુ હતું કે જ્યારે પણ તેઓ નિવૃત્ત થવાનું વિચારશે કે નિર્ણય લેશે ત્યારે તેમની જગ્યા ભરવા માટે ભારત પાસે અન્ય નવોદિતો અને યુવાનો તૈયાર છે. આ સિરીઝમાં જયસ્વાલે સુંદર કામગીરી બજાવી છે. તે ભવિષ્યનો સુપર સ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ ડાબેરી બેટ્સમેન છે.યશસ્વી જયસ્વાલે વર્તમાન સિરીઝમાં ૧૬૧, ૮૨ અને ૮૪ જેવા સ્કોર નોંધાવ્યા છે. તેના વિશે ખુદ ડાબેરી બેટ્સમેન રહી ચૂકેલા લેહમેને કહ્યું હતું કે ઓહ, તે સુપરસ્ટાર છે. મેં જોયેલો શ્રેષ્ઠ બેટસમેન છે. તે અને ઈંગ્લેન્ડનો હેરી બ્રુક આગામી પેઢીના મહાન ખેલાડી તરીકે ઉભરી રહ્યા છે. તેઓ એવા ખેલાડી છે કે જેમના વિશે લોકો કહેશે કે આ તેમને અમે રમતા નિહાળ્યા છે. મેલબોર્નમાં જયસ્વાલે શાનદાર બેટિંગ કરી હતી.

### જામનગરમાં રિલાયન્સ રેકોર્ડ બનાવશે

# AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવાની આકાશ અંબાણીએ કરી જાહેરાત

**ઈશા અંબાણી અને અનંત અંબાણી સાથે આકાશ અંબાણીએ રિલાયન્સના વિકાસ માટે મળીને કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી**

જામનગર, તા.૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર આકાશ અંબાણીએ કહ્યું કે, "અમે જામનગરમાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે કમિટેડ છીએ. અમે આ દુનિયાના ટોપ બ્રાન્ડ્સની વચ્ચે લઈને જઈશું." તેમણે કહ્યું કે, "હું ઈશા અને અનંત સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રોથ માટે સાથે કામ કરવા માટે કમિટેડ છું. જામનગર રિલાયન્સ ફેમિલીનું એક આભૂષણ છે." રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી રિફાઈનરીને ૨૫ વર્ષ પૂરા થઈ ચૂક્યા છે. આ ખાસ અવસર પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર ઈશા અંબાણી પીરામલે રિફાઈનરીના કર્મચારીઓને સંબોધન કર્યું હતું. તો વળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિદેશક આકાશ અંબાણીએ ગુરુવારે જામનગરમાં એઆઈ માળખાગત ઢાંચાને વિકસિત કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જામનગરને રિલાયન્સ પરિવારનું અનમોલ ઘરેણું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "આ કામ ૨૪ મહિનાના નાના એવા ગાળામાં જામનગરની સાચી ભાવનાને અનુરૂપ કરવામાં આવશે." ઈશા અંબાણી અને અનંત અંબાણી સાથે આકાશ અંબાણીએ રિલાયન્સના વિકાસ માટે મળીને કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી છે.

તેઓ જામનગર રિફાઈનરીના ૨૫ વર્ષ પૂરા થવાના અવસર પર આયોજિત એક કાર્યક્રમને સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, "અમે જામનગરમાં જે એઆઈ ઢાંચા પર કામ શરૂ કર્યું છે, તે ન ફક્ત જામનગરને એઆઈ માળખાગત ઢાંચામાં અગ્રણી બનાવશે, પણ તેને દુનિયામાં ટોપ રેક્રમાં પણ રાખશે." "અમે જામનગરમાં તેનું નિર્માણ કાર્ય શરૂ કરી દીધું છે અને અમે તેને જામનગર સ્ટાઈલમાં રેકોર્ડ સમયમાં પૂરું કરવા માગીએ છીએ, જેવું કે અમે જામનગરમાં હંમેશા ૨૪ મહિનામાં કર્યા છે." તેમણે કહ્યું કે, "ઈશા, અનંત અને હું, અમે એકબીજાને વચન આપીએ છીએ કે, અમે મળીને રિલાયન્સને આગળ વધારીશું અને ખાતરી આપીએ છીએ કે, જામનગર હંમેશા અમારા રિલાયન્સ પરિવારનું ઘરેણું બનીને રહેશે. આ અમારા માતા-પિતા સહિત આખા રિલાયન્સ પરિવાર પ્રત્યે મારી કટિબદ્ધતા છે."

### રાજ્ય સરકારનો ઉદ્દેશ ખરા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે

# પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી

**રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે**

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠક મળી હતી. આ બેઠકમાં જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪માટે રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૭૦૬૦૦થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.આટલું જ નહિ, ઓકટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઈન અરજી કરી શકે તેવા આશય સાથે તા. ૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂ. ૧૭૧.૦૫ કરોડની સહાય DBTના માધ્યમથી સીધી સેવાભાવી સંસ્થાઓના ખાતામાં ચૂકવવામાં આવી છે. જેના પરિણામે રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય આપી, આર્થિક રીતે મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ ખરા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શક નેતૃત્વ તેમજ પશુપાલન મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરુ કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ રૂ. ૩૦ લેખે આર્થિક સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

### ૩ જાન્યુઆરીથી ફ્લાવર શો નો ભવ્ય પ્રારંભ થશે

# અમદાવાદમાં આજથી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું ઓપનિંગ

**૨૦૨૪માં એટલે કે ગત વર્ષે કુલ ૨૦ લાખથી વધારે લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી**

અમદાવાદ, તા.૨

આજથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રિવરફ્રન્ટ ફ્લાવર શો ૨૦૨૫ને ખુલ્લો મુકવામાં આવશે. આજે અમદાવાદના પ્રથમ નાગરિક મેયર પ્રતિભા જૈન દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં રિવરફ્રન્ટ ફ્લાવર શો અંગે માહિતી આપવામાં આવી હતી. રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શો ૩જી જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી ચાલશે. લોકોની ડિમાન્ડ હશે તો ફ્લાવર શોનો સમય વધારવામાં આવશે.વર્ષ ૨૦૨૪માં કુલ ૨૦ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. આ વખતે લોકો માટે ૨૩ પ્રકારના વિવિધ ફૂલોનું નજરાણું મુકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫ના આ ફ્લાવર શોને ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. ખાસ દેશના વિકાસ અને સંસ્કૃતિ વારસાનું પ્રદર્શન પણ મુકવામાં આવ્યું છે. પીએમ દ્વારા તેમની મુલાકાત દરમિયાન જે સૂચનો આપવામાં આવ્યા હતા તે પ્રકારે પાલન કરવામાં આવ્યું હોવાનું મેયરે જણાવ્યું હતું.આ વર્ષે સ્કલ્પચરની માહિતી તેઓ ઓડિયો મારફતે જાણી શકાય તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. QR કોડ મારફતે તેઓ તેમના સૂચનો પણ આપી શકશે. સોમથી શુક્ર રૂ. ૭૦ અને શનિ-રવિ રૂ. ૧૦૦ ટિકિટ દર નક્કી કરાયો છે. આ અંગે મેયર પ્રતિભા જૈને જણાવ્યું કે ગયા વર્ષે ૪૦૦ મીટર લાંબી વેલ બનાવવાનો ગિનિસ બુક ઓફ રેકોર્ડ નોંધાયો હતો. આ વર્ષે ફ્લાવર શો જોવા આવનાર લોકો માટે ગ્લો ગાર્ડન સૌથી મોટું આકર્ષણનું કેન્દ્ર રહેશે.VIP ટિકિટ માટે ૫૦૦ રૂપિયા આપવા પડશે. અમદાવાદમાં દર વર્ષે ફ્લાવર શો જોવા માટે મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટી પડતી હોય છે અને ઘણી વખત ફ્લાવર શો સાંજના સમયે પ્રવેશ થોડા સમય માટે અટકાવી દેવો પડે છે અથવા તો મુલાકાતીઓને રોકી દેવામાં આવે છે. આ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા VIP એન્ટ્રી રાખવામાં આવી છે. સવારે ૯થી ૧૦ અને રાત્રે ૧૦થી ૧૧ એમ આ બે કલાકના સમયગાળા દરમિયાન પ્રવેશ ફી રૂ. ૫૦૦ રહેશે. જે લોકો ભીડભાડમાં આવવા ન માંગતા હોય તેઓ માટે VIP સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. જે માટે ટિકિટ ઓનલાઈન લેવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે જાન્યુઆરી મહિનાના સમયગાળા દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવતું હોય છે. દર વર્ષ કરતાં ચાલુ વર્ષે ફ્લાવર શોમાં સ્કલ્પચર અને સ્ટ્રક્ચર્સની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૪માં ૯.૭૨ લાખ લોકોએ ફ્લાવર શો નિહાળ્યો હતો, જેનાથી ૬.૫૨ કરોડની આવક થઈ હતી. ગત વર્ષે ફ્લાવર શોનો ખર્ચ ૧૧.૪૪ કરોડ થયો હતો. ચાલુ વર્ષે ફ્લાવર શોનો ખર્ચ ૧૫ કરોડની આસપાસ થશે. ફ્લાવર શોમાં ફૂડ સ્ટોલ અને જાહેરાતની આવક વધી છે. ગત વર્ષે ફૂડ સ્ટોલની આવક ૭૩ લાખ થઈ હતી, જેની સામે ચાલુ વર્ષે ૧.૯૨ કરોડ જ્યારે જાહેરાતની ગત વર્ષે ૨૯ લાખ રૂપિયા હતી, જેની સામે ચાલુ વર્ષે ૧.૫૦ કરોડ આવક થઈ છે.

### કેન્દ્ર સરકારે જાહેર કરી ગાઇડલાઇન

# ૨૪ જાન્યુઆરીથી બદલાઈ જશે હાઇવેના નિયમ

**આ ફેરફારો દ્વારા વધી રહેલા અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે**

નવીદિલ્હી તા.૨

નવા વર્ષની શરુઆત સાથે જ કેન્દ્ર સરકારે હાઈવે અને એક્સપ્રેસ વે પર સાઈન બોર્ડ માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. આ ગાઈડલાઈન ૨૪ જાન્યુઆરીથી અમલમાં આવશે, તેનો ઉદ્દેશ્ય માર્ગ વપરાશકર્તાઓને સ્પષ્ટ, પ્રમાણિત અને સમયસર માહિતી પ્રદાન કરવાનો છે. આ ફેરફારો દ્વારા વધી રહેલા અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિકને વધુ વ્યવસ્થિત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નવી વ્યવસ્થા હેઠળ રમ્બલ સ્ટ્રિપ્સ જેવા સંભવિત ખતરનાક સ્થળો પહેલાં સાઈન બોર્ડ મૂકવામાં આવશે, જેથી ડ્રાયવરોને પોતાની સ્પીડ કંટ્રોલ કરવાનો સમય મળી શકે. સ્પીડ લિમીટની જાણકારી દર પાંચ કિલોમીટરના અંતર પર સાઈન બોર્ડ દ્વારા આપવામાં આવશે. આ બોર્ડને એવી રીતે જ ડિઝાઈન કરવામાં આવ્યા છે જેથી ડ્રાયવરો તેને સરળતાથી વાંચી અને સમજી શકે. માર્ગ પરિવહન મંત્રાલયે સાઈન બોર્ડ પર વપરાતા અક્ષરો અને સંખ્યાઓના કદ અને રંગને પ્રમાણિત કર્યા છે. આ પગલાંથી સાઈન બોર્ડની એકરૂપતા વધશે અને તેમને સમજવામાં સરળ રહેશે. તેમજ એક જ બોર્ડ પર જુદા જુદા વાહનોની સ્પીડ લિમિટ સ્પષ્ટ રીતે દર્શાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અકસ્માતો અને ટ્રાફિક જામ ઘટાડવા દર પાંચ કિલોમીટરે 'નો પાર્કિંગ' બોર્ડ લગાવવામાં આવશે. આ ઉપરાંત રાહદારીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા ક્રોસિંગ અંગે આગોતરી માહિતી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### તમાકુ ઉગાડતા ખેડૂતો માટે ઉત્સાહજનક સમાચાર

# પાંચ વર્ષમાં ભારતમાંથી ૧૨ હજાર કરોડની કિંમતની તમાકુની નિકાસ થવા પામી

**સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે**

અમદાવાદ, તા.૨

દેશમાં તમાકુ ઉગાડતા ખેડૂતો માટે સરકારે ખુશઅબર આપ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાંથી ૧૨ હજાર કરોડની કિંમતની તમાકુની નિકાસ થવા પામી છે. દેશમાંથી તમાકુની થતી નિકાસમાં છેલ્લા ૫ વર્ષમાં ૮૭ ટકા વધી છે, તો આની સાથોસાથ ૨૦૨૩-૨૪માં ખેડૂતોને પ્રતિ કિલો તમાકુએ રૂ. ૨૭૯.૫૪ મળ્યા હતા. ગુજરાતમાં સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. કેન્દ્ર સરકારના સત્તાવાર રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતે કુલ ૧૨ હજાર કરોડ રૂપિયાના તમાકુની નિકાસ કરી હતી. સરકારનો દાવો છે કે તેના કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુ ઉગાડતા ખેડૂતોની આવક પણ બમણી થઈ ગઈ છે. સરકારે દાવો કર્યો છે કે સરકારી નીતિઓ અને ટોબેકો બોર્ડના પ્રયાસોને કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુની નિકાસમાં ૮૭%નો વધારો થયો છે. કેન્દ્ર સરકારના ટોબેકો બોર્ડે ગયા વર્ષે તમાકુના ઉત્પાદન અને નિકાસને લઈને કેટલીક મહત્વપૂર્ણ માહિતી જાહેર કરી છે. જે અનુસાર, ટોબેકો બોર્ડે તમાકુ ઉદ્યોગની ટકાઉપણું અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી સંખ્યાબંધ વ્યૂહાત્મક પહેલો શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સૌથી વધુ તમાકુનું વાવેતર ખેડા, આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લાના ખેડૂતો દ્વારા કરવામાં આવે છે.

ચીન પછી ભારત વિશ્વમાં તમાકુનું બીજું સૌથી મોટો ઉત્પાદક દેશ છે. જ્યારે, ભારત ચીન, બ્રાઝિલ અને ઝિમ્બાબ્વે પછી વિશ્વમાં ફ્લૂ ક્યોર વર્જિનિયા તમાકુનું ચોથું સૌથી મોટું ઉત્પાદક છે. જ્યારે જથ્થાની દ્રષ્ટિએ, ભારત બ્રાઝિલ પછી બિનઆયોજિત તમાકુનો બીજો સૌથી મોટો નિકાસકાર દેશ છે.

તમાકુની નિકાસને કારણે મોટા પાયે વિદેશી હૂંડિયામણ ભારતમાં આવે છે. સરકારી રિપોર્ટ અનુસાર, ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતે કુલ ૧૨ હજાર કરોડ રૂપિયાના તમાકુની નિકાસ કરી હતી. સરકારનો દાવો છે કે તેના કારણે છેલ્લા ૫ વર્ષમાં તમાકુ ઉગાડતા ખેડૂતોની આવક પણ બમણી થવા પામી છે.

ફ્લૂ ક્યોર વર્જિનિયા એટલે કે હ્લઝ્રફ તમાકુના ખેડૂતોની કમાણી ૨૦૧૯-૨૦માં રૂ. ૧૨૪ પ્રતિ કિલોગ્રામથી વધીને ૨૦૨૩-૨૪માં રૂ. ૨૭૯.૫૪ થઈ ગઈ છે. આ બમણા કરતાં વધુ છે. એવું કહેવાય છે કે ટોબેકો બોર્ડના પ્રયાસોથી લગભગ ૮૩,૦૦૦ ખેડૂતોની આજીવિકામાં સુધારો થયો છે.

સરકારે દાવો કર્યો છે કે, સરકારી નીતિઓ અને ટોબેકો બોર્ડના પ્રયાસોને કારણે છેલ્લા ૫ વર્ષમાં નિકાસમાં ૮૭%નો વધારો થયો છે. ૨૦૧૯-૨૦માં નિકાસ રૂ. ૬,૪૦૮.૧૫ કરોડની હતી. જે ૨૦૨૩-૨૪માં રૂ. ૧૨,૦૦૫.૮૯ કરોડ સુધી પહોંચી જશે. આ સમયગાળા દરમિયાન કુલ નિકાસ ૨૧૮.૮૪ મિલિયન કિગ્રાથી વધીને ૩૧૫.૫૧ મિલિયન કિગ્રા થઈ છે. ટોબેકો બોર્ડની સ્થાપના ૦૧ જાન્યુઆરી ૧૯૭૬ના રોજ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય તમાકુ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ થાય તે હતો. બોર્ડની સ્થાપના સંસદના એક અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી. ટોબેકો બોર્ડનો ઉદ્દેશ્ય તમાકુના ખેડૂતો માટે વાજબી ભાવ સુનિશ્ચિત કરવાનો અને નિકાસને પ્રોત્સાહન આપવાનો હતો. ટોબેકો બોર્ડના પ્રયાસોને કારણે તમાકુના ઉત્પાદન માટે ખેડૂતોને બેંકો દ્વારા આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

# શાખપુર ગામના સરપંચે સ્ટેમ્પ ડયુટીના વધારાનો વિરોધ કર્યો

દામનગર, તા. ૨

દામનગર શાખપુર ગામના સરપંચે સ્ટેમ્પ ડયુટી મુલંકન નાયબ કલેકટરને ઓનલાઈન વાંધા સુચનો રજુ કર્યા હાલ તાજેતરમાં સ્ટેમ્પ ડયુટીમાં થયેલા વધારો શાખપુર ગામ માટે ૨૦૧૧ માં પણ સૌથી વધારે સ્ટેમ્પ ડયુટી હતી હાલ આજુબાજુના ગામ નાના રાજકોટ, નાના કણકોટ, ખારા અને કલ્યાણપરની નાની વાવડી બધી જમીન અમારા સરહદની હોય જેની સ્ટેમ્પ ડયુટીની સરખામણીમાં અમારે સ્ટેમ્પ ડયુટી ઘણી વધારે હોય જેથી જંત્રીનો નવો ભાવ વધારો અસહય હોય જેથી નવો જંત્રી ભાવ વધારો આજુબાજુના ગામને ધ્યાને રાખીને આપવામાં આવે અને હાલ જે વધારો આવી રહયો છે તે વ્યાજબી નથી જેથી જંત્રીના ભાવ વ્યાજબી અને યોગ્ય રાખવમાં આવે તેવી રજુઆત શાખપુર ગામના સરપંચ જશુભાઈ ખુમાણે ઓફલાઈન અને ઓનલાઈન સ્ટેમ્પ ડયુટી નાયબ કલેકટરને રજુઆત કરી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૫ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૮૧૧ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૭૭૫ |
| ૫ | અડદ | ૧૦૦૧ | ૧૦૭૦ |
| ૬ | મગ | ૧૪૩૦ | ૧૪૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૧૫ | ૧૦૭૭ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૬૫ | ૧૨૯૬ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૬૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૦૩ | ૧૨૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૪૩૦ | ૨૪૭૧ |
| ૬ | તલ કાળા | ૩૧૦૦ | ૪૪૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૧૦ | ૩૦૮૭ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૫૭૫ |
| ૯ | જુવાર | ૪૪૦ | ૭૯૩ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૪૪ | ૬૫૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૫૨ | ૬૨૬ |
| ૧૨ | મગ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૧૩ | અડદ | ૯૯૦ | ૧૫૬૫ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૨૨૩ |
| ૧૫ | ચોળી | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૧૬ | તુવેર | ૮૨૮ | ૧૫૫૬ |
| ૧૭ | વાલ | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૧૮ | કપાસ | ૭૦૦ | ૧૫૦૧ |
| ૧૯ | એરંડા | ૧૧૬૯ | ૧૧૯૬ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૪૩૩૦ |
| ૨૧ | ધાણા | ૧૩૨૦ | ૧૪૬૭ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૮૩૯ |
| ૨૩ | રજકાનું બી | ૪૫૦૦ | ૪૬૦૦ |
| ૨૪ | મરચા લાંબા | ૪૮૦ | ૩૩૬૦ |

### મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી–બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી. નં. /૨૪

**વિવાદી :** શ્રી અમરૂભાઈ એભલભાઈ બસીયા
સરનામું : રહે. કોટડાપીઠા, તા. બાબરા, જિ. અમરેલી.
મો. ૯૭૧૨૨ ૧૦૧૧૬

:: **વિરૂધ્ધ** ::

**પ્રતિવિવાદી :** જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી –કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત નોંઘણવદર તા. બાબરા જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.કોટડાપીઠા** ગામના રહીશ આ કામના અરજદાર **શ્રી અમરૂભાઈ એભલભાઈ બસીયાનો જન્મ તા. ૦૩/૦૬/૧૯૫૧ના રોજ મોજે. નોંઘણવદર, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૧૧/૧૧/૨૦૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખ્યત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદ્દત તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

# ઋગ્વેદ અનુસાર ખેતરમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ

અમરેલી, તા. ૨

ભારત દેશમાં પશુ, પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડા અને બહુચરા માતા માટે મગર છે. રામ ભગવાન પણ પશુ/પક્ષીઓને ખુબ આદર આપતા હતા.

ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ પશુ, પક્ષીઓને અનેરૂ સ્થાન આપવામાં આવ્યું છે. ભારતનાં પ્રાચીન વેદ ઋગ્વેદમાં જમીનમાં ઉગતા અનાજમાં કોનો કેટલો ભાગ છે તે દર્શાવ્યું છે.




ઋગ્વેદમાં કહેવાયું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લણ્યા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી દુંડી અગ્નિ માટે, પહેલી એકમુઠ્ઠી પંખીઓ માટે, અનાજ દડાવ્યા પછીનો એકમુઠ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે, પહેલી થાળી વડીલો માટે, પછીની થાળી પોતાના માટે અને છેલ્લી રોટલી કુતરા માટે રાખવી જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧,૫૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી જી ૨૦ | ૧૦૭૯ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૧૯૬૫ | ૨૨૪૫ |
| ૪ | અડદ | ૧૧૭૦ | ૧૩૦૦ |
| ૫ | કાળા તલ | ૪૦૭૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૪૦૧૫ | ૪૪૭૫ |
| ૭ | ઘઉં | ૫૨૭ | ૬૪૩ |
| ૮ | ચણા | ૧૧૮૦ | ૧૨૫૦ |
| ૯ | તુવેર | ૧૨૪૫ | ૧૩૭૫ |
| ૧૦ | સોયાબીન | ૭૭૦ | ૭૯૦ |
| ૧૧ | મગફળી બી.ટી. | ૯૭૦ | ૧૦૮૦ |
| ૧૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૪ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૦૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૧ |
| ૫ | કપાસ | ૧૩૨૫ | ૧૪૮૩ |
| ૬ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૫૧ |
| ૯ | અડદ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૪૪૦ |
| ૧૧ | તુવેર | ૧૨૨૫ | ૧૪૯૨ |
| ૧૨ | એરંડી | ૧૦૩૦ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૫૦ | ૮૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં લેટરકાંડનાં આરોપી મહિલાને**

જો કે સમગ્ર કેસની સુનાવણી શનિવારે નકકી કરાયેલ છે. દરમિયાનમાં આવતીકાલ શુક્રવારે પ્રિન્સીપાલ સેશન્સ કોર્ટમાં રાબેતા મુજબની જામીન અરજીની સુનાવણી હોય શું નિર્ણય આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આજની ગુરૂવારની રાત્રિ મહિલાને જેલમાં વિતાવવી પડશે અને આવતીકાલની સુનાવણી બાદ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં વીરડી ગામે**

કે નાની બહેન કોમલના લગ્ન થયેલ છે તેને ઉતરાયણ ઉપર વાસણની ખરીદી કરી આપીએ. જે આરોપી દિવ્યેશ રમેશભાઈ ડાભી સાંભળી જતાં તે યુવતીને કહેવા લાગેલ કે આ વહીવટ તારે કરવાનો નથી. જેથી યુવતીએ કહેલ કે હું ઘરમાં મોટી છું આમ વાત કરતા આરોપી હરેશ ત્યાં આવેલો અને આ બન્ને આરોપીઓ ઉશ્કેરાઈ જઈ યુવતિને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગેલા જેને વધુ મારમાંથી તેણીની મમ્મી મંજુલાબેને છોડાવેલ હતી.

ત્યારબાદ આરોપી દિવ્યેશે યુવતિને કહેલ કે તને જેલમાં મોકલવા હું પોલીસ બોલાવુ છું. જેથી યુવતિ શાંતીથી ઘરે એક બાજુ બેસી ગયેલ હતી અને બાદમાં યુવતિ ઘરેથી પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા જાવ છું તેમ કહી ઘરેથી નિકળી ગયેલ. આ વખતે આરોપીઓએ યુવતિને કહેલ કે અમારા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરીશ તો ઘરમાં પાછી આવવા નહી દઈએ અને તને જીવતી રહેવા નહી દઈએ તેવી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૭ | ૧૪૭૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૩૦ | ૧૦૧૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૨ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૮૫૧ | ૧૦૮૧ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૬૩૬ |
| ૪ | ચણા | ૧૦૮૫ | ૧૨૦૧ |
| ૫ | તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૯૯૯ | ૧૯૯૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૨૪ |
| ૪ | મેથી | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૧ |
| ૬ | મગફળી | ૭૮૮ | ૧૦૭૦ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૮ | તલ સફેદ | ૨૨૫૫ | ૨૩૪૦ |
| ૯ | ધાણા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૧૦ | ચોળી | ૫૪૦ | ૫૪૦ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૩ | લસણ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૪ | જુવાર | ૮૩૦ | ૮૩૦ |
| ૧૫ | મકાઈ | ૩૬૦ | ૪૬૦ |
| ૧૬ | ચણા છોલે | ૧૨૭૫ | ૧૨૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં લેટરકાંડમાં**

સમાજ કયારેય માફ નહી કર.

વધુમાં જણાવેલ છે કે, "શું શકુનીઓને સજા આપો" કાયદાની રખેવાળ કોર્ટમાં જામીન તો જડી જાશે પણ એક અબળાની ભરબજારે લૂંટાયેલી આબરૂનું શું થાશે?

વધુમાં જણાવ્યું છે કે, "સળગતો સવાલ" સરદારનાં નામે સરકાર બનાવનારાની જમાતે માત્ર પોતાનાં રાજકીય અહંમને સંતોષવા એક નિર્દોષ અબળાની ભરબજારે આબરૂ કાઢી છતાંય, સામાજિક શ્રેષ્ઠીઓનાં હજુય અકળ મૌનથી સમાજને શંકા થાય છે કે, ઈ બધા સમાજનાં આગેવાનો હશે કે પછી માત્ર સરકારી એજન્ટ?

વધુમાં જણાવેલ છે કે, "અસલી લેટર, નકલી ફરિયાદ" ભાજપનાં આગેવાને ભાજપ નેતૃત્વને લખેલા પત્રને નકલી ઠેરવવાનો પ્રયાસ થઈ રહ્યો છે પરંતુ, દારૂની રેલમછેલ, રેતી ખનન, કોન્ટ્રાકટમાં કમિશન, પોલીસનાં હપ્તામાં ભાગીદારી સહિતનાં મુદાઓ તો અસલી જ લાગે છે.

ઉચ્ચ સરકારી તપાસ પંચની નિમણૂંક જરૂરી છે તેમ તેઓએ જણાવીને વિવાદાસ્પદ લેટરને પણ વાયરલ કર્યો છે.

આમ, પૂર્વ વિપક્ષી નેતાએ કટાક્ષ શૈલીમાં અમરેલી જિલ્લામાં થતી બેફામ રેતી ચોરી, દારૂની રેલમછેલ, હપ્તાબાજી સહિતની ગેરરીતિ અંગે ભાજપ સરકારને ઘેરી છે. તો સંવેદનશીલ મુખ્યમંત્રી સમગ્ર કટાક્ષ શૈલી અંગે એસએમસીનાં ન્ષ્ઠિાવાન અધિકારી નિર્લિપ્ત રાયને તપાસ સોંપીને દૂધનું દૂધ ને પાણીનું પાણી કરે તેવું જિલ્લાની જનતા ઈચ્છી રહી છે.

### નામ બદલાવેલ છે

મારૂ નામ **સાંગાણી ગુણવંતભાઈ બટુકભાઈ** હતું જે બદલીને **સાંગાણી ગુણવંતભાઈ પરશોત્તમભાઈ** તરીકે ઓળખાઈશ.

સહી : સાંગાણી ગુણવંતભાઈ પરશોત્તમભાઈ
**નાના ગોખરવાળા, તા.જી.અમરેલી**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૩ | કપાસ | ૧૨૭૦ | ૧૪૬૫ |
| ૪ | બાજરો | ૫૩૧ | ૬૧૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૦૦ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૮૬૧ |
| ૭ | મકાઈ | ૪૧૧ | ૪૧૧ |
| ૮ | મગ | ૧૫૯૧ | ૨૫૦૦ |
| ૯ | મઠ | ૧૦૩૩ | ૧૦૭૧ |
| ૧૦ | અડદ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૦ | ૭૯૧ |

### એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી. નં. ૧૩૮/૨૦૨૪

**અરજદાર :** શ્રી બોરડ પરેશભાઈ રાઘવભાઈ
સરનામું : રહે. બક્ષીપુર, તા. જિ. અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી – કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.બક્ષીપુર, તા. જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બક્ષીપુર ગામમાં **બોરડ પરેશભાઈ રાઘવભાઈ** તેઓના પિતાશ્રી **રાઘવભાઈ જીણાભાઈ બોરડ**ની **મરણ તા. ૦૧/૦૧/૨૦૧૮**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૨૭–૧૨–૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટિસ પ્રસિધ્ધ થયાને દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં મોજે :– લોઠપુર ગામના રે.સ.નં. ૯૫ પૈકી ૨ ની કુલ જમીન હે. ૩–૮૦–૪૧ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી રામભાઈ ભુરાભાઈ વાઘ પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટિસ પ્રસિધ્ધ થયાને દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– બારપટોળી ગામના રે.સ.નં. ૧૦ પૈકી ૧ ની કુલ જમીન હે. ૫–૭૩–૬૪ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી (૧) સુમલબેન ભગવાનભાઈ વીછી (૨) સોનાબેન દલુભાઈ વીછી (૩) જાનીબેન દડુભાઈ વીછી (૪) ભીખાભાઈ દડુભાઈ વીછી (૫) જીગાભાઈ દડુભાઈ વીછી (૬) લાલાભાઈ દડુભાઈ વીછી પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટિસ પ્રસિધ્ધ થયાને દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં મોજે :– લોઠપુર ગામના રે.સ.નં. ૧૧૨/૩ ની કુલ જમીન હે. ૦–૮૯–૦૩ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી સોલંકી ટપુભાઈ માધાભાઈ પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયા ને દિવસ–૦૭નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– કુંભારીયા ગામના રે.સ.નં. ૭૭ (જુનો રે.સ.નં. ૮૧ પૈકી ૧) ની કુલ જમીન હે. ૧–૯૫–૫૮ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી જહુબેન લખમણભાઈ વાવડીયા પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયા ને દિવસ–૦૭નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– કુંભારીયા ગામના રે.સ.નં. ૨૮૬ (જુનો રે.સ.નં. ૫૬/૧ પૈકી ૧) ની કુલ જમીન હે. ૨–૮૮–૪૦ ચો.મી. તેમજ રે.સ.નં. ૨૮૭ (જુનો રે.સ.નં. ૫૬/૧ પૈકી ૨)ની કુલ જમીન હે. ૨–૦૨–૩૪ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી (૧) રવજીભાઈ કથડભાઈ હડીયા (૨) ભરતભાઈ કથડભાઈ હડીયા પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટિસ પ્રસિધ્ધ થયાને દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– ભેરાઈ ગામના રે.સ.નં. ૨૩૫ ની કુલ જમીન હે. ૦–૯૫–૧૦ ચો.મી. તથા રે.સ.નં. ૨૩૬ની કુલ જમીન હે. ૦–૯૦–૦૪ ચો.મી.વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી લાલાભાઈ રામભાઈ રામ પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. આ નોટિસ પ્રસિધ્ધ થયાને દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી રજીસ્ટર્ડ લીઝડીડ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં મોજે :– લોઠપુર ગામના રે.સ.નં. ૧૧૨/૪ ની કુલ જમીન હે. ૦–૮૭–૦૧ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રી તેમની જરૂરિયાત મુજબની જમીન તેમના ના કબ્જેદાર/માલીક/ખેડુતખાતેદારશ્રી જગદીશભાઈ માધાભાઈ સોલંકી પાસેથી ભાડાપટ્ટે રાખવા માંગે છે અને લીઝડીડ રજીસ્ટર્ડ કરવા માંગે છે.**

તા. ૦૩/૦૧/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

# રાજકોટ : રઘુવંશી દીકરા/દીકરીઓને જીવન સાથીની પસંદગી માટે મહત્વનું યોગદાન કરતાં મુકેશભાઈ તન્ના






તાજેતરમાં મુકેશભાઈ તન્ના (કમલેશ બ્રધર્સ જુના ગુંદાવાડી) અને તેની ટીમ દ્વારા આસરે ૯૦૦ થી વધારે રઘુવંશી દિકાર દીકરીનો વિનામૂલ્યે એક પરિચય મેળો સરસ્વતી શિશુ મંદિર જુના એરપોર્ટ પાસે યોજાઈ ગયો. તેમાં લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબરૂ, નિશાંતભાઈ ચોંટાઈ તેમજ કિશોરભાઈ કોટક નટુભાઈ કોટક વી ના હસ્તે દિપ પ્રાગટય કર્યા બાદ એક હાઈટેક પરિચય મેળાનું આયોજનનું સંચાલન અશોકભાઈ હિંડોળા એ કરેલ તે સમયે લોહાણા મહાજનના મંત્રી શ્રીમતિ રીટાબેન કોટકએ હાજરી આપેલ હતી આખુ LED સ્ક્રીન ઉપર સંચાલન થયેલ ત્યારે રઘુવંશી દીકરા દીકરીને આર્શીવચન આપવા વિધાનસભા ૬૯ના ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ શ્રીમતી ઈન્દુબેન શીંગાળા, પરેશભાઈ વિઠલાણી, બિંદીયાબેન અમલણી, અને મહિલા ટીમ હાજર રહી હતી. બધા સંસ્કૃતિક સેલના વિજય કારિયા, દિલીપભાઈ પુજારા, કલ્પેશભાઈ કુંડલીયા, વીએ ખાસ હાજરી આપી હતી. મુકેશભાઈ તન્નાની ટીમે આ આયોજન સફળતાપૂર્વક પાર પડયું હતું અને આશરે ૧૧૦૦ લોકો એ પાવભાજીનો પ્રસાદ લેવડાવ્યો હતો. આવી મુકેશભાઈ તન્ના સેવાકીય પ્રવૃતિ કરે છે જેવી કે વૃદ્ધાશ્રમમાં માતાઓને કપડાની જોડીઓ, દર ગુરૂવારે જલારામ સેવા મંડળ (આનંદનગર) મા કઢી / ખીચડી પણ મોકલે છે. શિયાળાની સીઝનમા દરરોજના ૨૦૦ ધાબળાનું વિતરણ પોતાના સ્વ હસ્તે કરે છે. દર મહિને ૩૫ પરિવારને મફત કરિયાણું જરૂરિયાત મંદને આપે છે. આસરે ૪૦ વર્ષ થયાં વેવિશાળ કેન્દ્ર ચલાવે છે અને તેમના જણાવા મુજબ ૧૬૦૦૦થી વધુ દીકરા/દીકરીના સગપણ કરેલ છે. આવી અનેક વિધ પ્રવૃતિ તેમના દ્વારા થાય છે. મુકેશભાઈ તન્નાને ત્યાં સરદાર નગર મેઈન રોડ ''ક્રિષ્ના મોબાઈલ'' ખાતે સોમવાર થી શનિવાર સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી અને રવિવારે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગયા સુધી તેમનું વેવિશાળ માહિતી કેન્દ્ર ચાલુ હોય છે. લાગતા વળગતા એ ફોન કરીને જવું તેમનો ફોન નંબર છે. ૯૮૨૫૪ ૩૪૬૩૦.

## દામનગર : અલખધણી ગૌશાળા દહીંથરા ખાતે શનિવારે સાંજે મકરસંક્રાંતિની જોળીની બેઠક

દામનગર, તા. ૨

દામનગર હિન્દૂ સંસ્કૃતિમાં ઉજવતા દરેક પર્વ દાન ધર્મ પરમાર્થનો સંદેશ આપે છે તેમાંય ખાસ મકરસંક્રાંતિનું પર્વ દાન ધર્મ પરોપકારમાં વિશેષ મહત્વ ધરાવે છે ત્યારે દર વર્ષે જેમ દહીંથરા અલખધણી ગૌ સેવા ગોવિદ ભગત ટ્રસ્ટ સંચાલિત ભગવાન મહાવીર સ્વામી જૈન પાંજરાપોળ પરિસરમાં મકરસંક્રાંતિ સંદર્ભે જોળી મહોત્સવની ૪ જાન્યુઆરી શનિવારે સાંજે ૮:૩૦ કલાકે મીટીંગ નું આયોજન હજારો ગે સેવકો એક દિવસ પોટ પોતા ''મરૂ પણ માંગુ નહિ પણ પરમાર્થ ના કાજે મને માંગતા ન આવે લાજ'' યચીકા કરશે અબોલ જીવો માટે એક દિવસ સમગ્ર પંથકમાં ગૌ સેવકો દ્વારા એક દિવસ સર્વત્ર ગામડાથી લઈ રોડ રસ્તા જાહેર સ્થળોએ જોળી ફેરવશે અબોલ જીવો માટે હજારો સ્વંયમ સેવકો દ્વારા દામનગર પંથકના અસંખ્ય ગ્રામ્યમાં રોકડ રકમ ખોળ ગોળ અને નિરણ સહિત દ્રવ્યદાન માટે યાચીકા કરશે અલખધણી ગૌશાળામાં આશ્રિત



હજારો અબોલ જીવો માટે દામનગર શહેરી વિસ્તાર સહિત સમગ્ર પંથકના ઢસા આંબરડી કાચરડી દહીંથરા મેમદા મેથળી રામપર તાજપર ભુરખિયા છભાડીયા પ્રતાપગઢ ધામેલ હજીરાધાર રાભડા ઠાંસામૂળિયાપાટ સુવાગઢ ધ્રુફણીયા ઉમરડા નાના મોટા વિકળિયા ભાલવાવ સુરનીવસ માંગુકા ભંમરિયા માંડવી અનિડા જલાલપુર હાવતડ ઈગોરાળા આસોદર એકલારા પાડરશીંગા શાખપુર સહિત આસપાસના ઉદ્યોગ ગૃહો મિલ જિન સ્ટોન કવોરી ભડીયા સહિત તાલુકાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મકરસંક્રાંતિએ જોળી ફેરવશે.

## સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની એસ.ટી.નાં પ્રશ્નોને લઈને અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

### મુસાફરોનાં હિતમાં નવા રૂટ શરૂ કરવા સુચના



અમરેલી, તા. ૨

અમરેલી અને લાઠી બાબરા વિધાનસભા ગામડા ઓમા લોકો ને એસટી બસના પ્રશ્નો ની રજૂઆતના પગલે અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી બાબરા ઘારાસભ્ય જનકભાઈ તળાવિયા એ અમરેલી એસ.ટી. વિભાગના ડેપો મેનેજર સાથે એસટી ટ્રાન્સપોર્ટ ના પ્રશ્નો ઉકેલવા મહવની ચર્ચા કરી એસટી બસોની સંખ્યા વધારવાના અને સમય પત્રકમા સુઘારો લાવવા માર્ગદર્શક નિર્ણય લેવામાં આવ્યો આ બેઠકમાં બસોની જરૂરિયાત ઘરાવતા ગામડા ઓમા સુઘારો લાવવા જયા વધુ બસોની જરૂરિયાત છે ત્યાં વધુ બસો મુકવી સમય પત્રક મા સુઘારો પ્રાતિય રૂટસ પર સેવા વઘારવી જેવા વિવિધ મુદ્દાઓ પર એસટી બસના મહત્વ ના મુદા પર ચર્ચા લાઠી બાબરા ના ઘારાસભ્ય જનકભાઈ તળાવિયા વઘુ એક વિકાસ નુ કામ બાબરા તાલુકાના વાવડી ગામનો ગામતળ નો સુવિઘાપથ સી.સી.રોડ અંદાજીત ૪૦ લાખના ખર્ચે મંજુર કરાવ્યો લાઠી બાબરાના ઘારાસભ્ય જનકભાઈ તળાવિયાના પ્રયત્નોથી લાઠી બાબરા દામનગર પંથકમા એક પછી એક વિકાસના કામો થય રહ્યા છે લાઠી બાબરા દામનગર પંથકમાં અનેક રોડ રસ્તાઓના કામો મંજુર કરવામાં આવ્યા લોકો મા ખુશી નો માહોલ છવાયો લાઠી બાબરા વિઘાનસભા વિસ્તારમાં અનેક વિકાસ ના કામો થયા છે ત્યારે આરોગ્યની વાત હોય કે ખેડૂતો ની વેદના હોય રોડ રસ્તાઓની સમસ્યા હોય ઘારાસભ્ય જનકભાઈ તળાવીયા સતત લોકો ના પ્રશ્નો ને વાચા આપી પોતાના મત વિસ્તારમાં વિકાસ ની હારમાળા સર્જી લોકહીતના કામો કરી રહ્યા છે. બાબરા તાલુકાના વાવડી ગામનો ગામતળ નો રોડ જે ઘણા સમય થી આ વિસ્તારના લોકોની માંગ હતી જે ઘારાસભ્ય જનકભાઈ તળાવિયા એ ઘ્યાને લઈને બાબરા તાલુકાના વાવડી ગામતળ નો રોડ મુખ્યમંત્રી ગ્રામ સડક થોજના હેઠળ અંદાજિત ૪૦ લાખના ખર્ચે મંજુર કરાવતા આ વિસ્તારના લોકો એ ઘારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર માન્યો હતો.

## બગસરામાં બ્રહ્માકુમારી સેન્ટર દ્વારા આધ્યાત્મિક સભાનું આયોજન કરાયું



બગસરા, તા. ૨

બગસરામાં બ્રહ્માકુમારી સેન્ટર બગસરા મુકામે બ્રહ્મા ભોજનનું આયોજન કરવામાં આવેલું બ્રહ્માકુમારી સેન્ટર બગસરા તેમજ નાકરાણી પરિવાર મોભી રમણીકભાઈ નાકરાણી દાદા દ્વારા સંયુકત ઉપક્રમે આયોજન થયેલ આ કાર્યક્રમમાં સાથોસાથ આધ્યાત્મિક સભા પણ રાખેલ હતી તે આધ્યાત્મિક સભાના બ્રહ્માકુમારી સેન્ટર દિવના આદરણીય બ્રહ્માકુમારી ગીતા દીદીના અઘ્યક્ષ સ્થાને તેમજ બ્રહ્માકુમારી સેન્ટર બગસરાના મુખ્ય સેવિકા બહેન બ્રહ્માકુમારી રસીલા દીદી અને ચેતના દીદી અજર અમર હનુમાનજી જગ્યાના મહંત બ્રહ્મચારી બાપુ સાથોસાથ તમામ બગસરા આગેવાનો શિક્ષક સોસાયટીના પ્રમુખ શિવલાલભાઈ ઠુંમર લેવા પટેલ સમાજના ઉપપ્રમુખ રમેશભાઈ ગોંડલીયા, યુવા ગ્રુપ શિક્ષક સોસાયટી બગસરા બાવચંદભાઈ મુગલપરા તેમજ તમામ પરિવાર બધાએ જહેમત ઉઠાવી હતી આજુબાજુ ગામના સેન્ટરના બ્રહ્માકુમાર બ્રહ્મા કુમારીની હાજરીમાં કુમારી દેવિકાબેન પ્રદીપભાઈ નાકરાણી રશિયાથી એમબીબીએસની પદવી લઈ ભારત ફરેલ તેના માનમાં તેમનું સ્વાગત કરેલ તેમજ સન્માન કરેલ આ ઘડીએ ડોકટર દેવિકાબેન પોતાનો સન્માન બદલ પ્રતિભાવ આપેલ ખૂબ જ બ્રહ્માકુમારીના આધ્યાત્મિક જ્ઞાનમાં શ્રદ્ધા રાખે છે તમામ સેવકોએ બ્રહ્મા ભોજન પ્રસાદીનો લાભ લીધો અને ડોકટર દેવિકા નાકરાણી હજુ પણ ખૂબ જ પીજી મેડિકલમાં આગળ વધે તેવા સૌ કોઈ આશીર્વાદ આપેલ.

## રાજુલા વકીલ મંડળના પ્રમુખ કે.એસ. રાઠોડ તથા અન્ય હોદેદારોની સર્વાનુમતે વરણી



રાજુલા, તા. ૨

તા. ૩૧ ડિસેમ્બર ના રોજ રાજુલા વકીલ મંડળ મીટીંગ મળી હતી જેમાં જેમ વકીલ મંડળના પ્રમુખ તરીકે સિનિયર વકિલશ્રી કે. એસ. રાઠોડ સહિત તમામ હોદેદારો ની સર્વાનુમતે વરણી કરાય છે. તા. ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ રાજુલા એડિશનલ સેશન્સ કોર્ટ ના વકીલ મંડળ રૂમમાં વકીલશ્રીઓની મીટીંગ મળી હતી જેમાં વર્ષ ૨૦૨૫ ના નવા હોદેદારોની વરણી સર્વાનુમતે થઈ હતી જેમાં વકીલ મંડળ રાજુલા ના પ્રમુખ તરીકે સિનિયર વકીલ શ્રી કે. એસ. રાઠોડ ની વરણી કરાઈ હતી તેમજ ઉપપ્રમુખ તરીકે વકીલ વી. એમ. લાલવાણી તથા સેકેટરી તરીકે વકીલ ભાવેશભાઈ વાઘેલા તથા સહ સેક્રેટરી વકીલ પંકજભાઈ સરવૈયા તથા ખજનચી તરીકે વકીલ કૌશિકભાઈ સોલંકી તથા લાઈબ્રેરીયન તરીકે વકીલ પ્રદીપભાઈ રંજોલીયાની વરણી કરાઈ હતી. આ પ્રસંગે રાજુલા વકીલ મંડળ પૂર્વ પ્રમુખ વિજયભાઈ વરૂ સહિતના હોદેદારો તથા તમામ વકીલ મિત્રોએ રાજુલા વકીલ મંડળ ના પ્રમુખ શ્રી કે. એસ. રાઠોડ સહિત તમામ હોદેદારોનું ફુલહારથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વકીલ હિતેશભાઈ ખાગડ, રાજુભાઈ ઝોખીયા, મહેન્દ્રભાઈ લાલવાણી, મેલીનભાઈ ઠાકર, ભરતભાઈ શિયાળ, મધુભાઈ સાંખટ, એસ. એસ. રાઠોડ. અરવિંદભાઈ ખુમાણ, ડી. ડી. સોલંકી, વિપુલભાઈ હાનાણી, પ્રફુલભાઈ બાબરીયા, દીપકભાઈ પરમાર, જે.જે. ખુમાણ, ભાવેશભાઈ સિંધવ, કે. બી. કામલિયા, દિનેશભાઈ નિર્મળ, અશોકભાઈ બાબરીયા, રોહિતભાઈ બારૈયા, શૈલેષભાઈ બાબરીયા સહિતના તમામ વકીલો ઉપસ્થિત રહ્યા હતા અને નવા હોદેદારોનું ફૂલહારથી સન્માન કર્યું હતું તેમજ પૂર્વ પ્રમુખ વિજયભાઈ વરૂએ પ્રમુખ કે. એસ. રાઠોડનું ફૂલહાર કરી શુભેરછા પાઠવી હતી.

### સમગ્ર પથંકની જનતા માહિતગાર છે

## સાવરકુંડલાનાં પીયાવા-ધાર માર્ગ માટે ધારાસભ્ય દુધાતની જહેમત રંગ લાવી

### પૂર્વ ધારાસભ્યએ રામધુન બોલાવતાં તંત્ર દોડયું

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકાના પીયાવા-ધારના રોડ રસ્તા માટે પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતના સમયકાળ વર્ષ ૨૦૨૨માં તા. ૨૫/૨/૨૨ માં મંજુર થઈ અને જોબ નંબર મળ્યા બાદ તે સમયે પૂર્વ ધારાસભ્ય દ્વારા ખાતમુહુર્ત કર્યા બાદ તેમના સમયકાળ પૂર્ણ થતા અને ચુંટણી આવતા હાલના વર્તમાન ધારાસભ્ય દ્વારા પણ તેમનું ખાતમૂહુર્તકરવામાં આવેલ હતું. પણ આ ડબલ એન્જીન સરકારના સત્તાધીશો દ્વારા આજદિન સુધી પૂર્ણ કરવાની જવાબદારી નિભાવી શકયા નહોતા અને તેમની સાથોસાથ વહીવટી તંત્ર, સરકાર પણ આવા પોતાને જસ મળે તેમ નાં હોય તેવા કામો ખોરંભે પાડી રહ્યા છે. ત્યારે આ આ સરકારનાં સત્તાધીશો અને વહીવટીતંત્રને જગાડવા માટે પ્રતાપ દુધાત અને તેમની ટીમ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી અને સત્ય નારાયણ ભગવાનને પ્રાર્થના કરી અને તેમના ચરણોમાં અરજ કરવામાં આવી હતી. જેથી આ કોંગ્રેસ પરિવાર અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત અને તેમની ટીમની અરજ સત્યનારાયણ ભગવાન અને હનુમાનજી મહારાજ સાંભળી અને આ સરકારનાં સત્તાધીશ અને વહીવટીતંત્રમાં પ્રોત પ્રગટયું અને આ ઘણા સમયથી બંધ પડેલ ધાર-પીયાવા રોડનાં કામનો શુભ આરંભ કરવામાં આવી રહ્યો છે. આ રોડની કામગીરી શરૂ થતાં ધાર અને પીયાવા ગામનાં ગ્રામજનોમાં આનંદ વર્તાય રહ્યો છે અને લોક મુખે સંભળાઈ રહ્યું છે કે ભાજપ તો માત્ર રામનું નામ મગજમાં રાખે છે જયારે ચુંટણીઓ આવે ત્યારે તેમના મુખે રામ આવે પરંતુ કોંગ્રેસ તો રામનું નામ હૃદયમાં રાખે છે અને રામને આગળ રાખી અને ધર્મનુસાર કથાઓ, રામધુનો કરીને જનલક્ષી કામો કરાવે છે.

## આગામી રવિવારે સાંજે ૪ થી ૬ સુધી રાજુલા ખાતે સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા ''કાગ સ્મૃતિ'' કાર્યક્રમનું આયોજન

### લોક સાહિત્યકારોને મંચ આપવાનો હેતુ

રાજુલા, તા. ૨

રાજુલા ખાતે સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા આગામી રવિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન લુહાર-સુથાર વાડી ખાતે લોક સાહિત્યકારો, લોક ગાયકો, ચારણી સાહિત્યકારો, વાર્તાકારો અને સુગમ ગાયકોને મંચ આપવાનાં હેતુ "કાગ સ્મૃતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટય ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર કરશે.

# લીલીયા મોટા : ઉમિયા માતાજી મંદિર ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો






સામાજિક પ્રવૃત્તિ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી પંદરમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૨/૧/૨૦૨૫ને ગુરૂવાર સવારે ૯:૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપપ્રમુખ મનસુખભાઈ ગોંડલિયા તથા લાયન્સ કલબ ઓફ અમરેલી અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડો. કનનબેન સેદાણી અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૯૬ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૨ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૨૨ વ્યકિતઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. આ ઉપરાંત ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી (ગીર) અને આશિર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી સ્તન કેન્સર જાગૃત્તિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રમુખ ડો. મિલીબેન ધવલભાઈ ઠાકર, ઝોનલ ઓફિસર બીનાબેન સુરેશભાઈ ત્રિવેદી, પૂર્વ પ્રમુખ નયનાબેન આચાર્ય, મીતાબેન જોશી વગેરેએ માર્ગદર્શન આપેલ હતું. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, ગોબરભાઈ ધામત લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ, લાયન રમેશભાઈ ગોલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય, પ્રકાશભાઈ આચાર્ય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી નિલેશભાઈ ભીલ અને કમલેશભાઈ ધોરડાની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી લાયન રૂજુલભાઈ ગોંડલિયા જણાવે છે.

